
ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષઃ ૨૫ || અંકઃ ૫ || મે ૨૦૨૩ || સળંગ અંક : ૬૧૯

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.in

ચારુતર વિદ્યામંડળ સંચાલિત

# મગનભાઈ ઉમેદભાઈ પટેલ ટેક્નિકલ હાઈસ્કૂલ

વલ્લભ વિદ્યાનગર

## માધ્યમિક શાળા








## વિશેષ સુવિધાઓ :

- પ્રયોગશાળા
- પ્રોજેક્ટર રૂમ
- અદ્યતન કોમ્પ્યુટર લેબ
- youtube ના માધ્યમથી આધુનિક શિક્ષણ
- CCTV કેમેરાથી સજ્જ
- NCC કોર્સ
- વૉટર પ્યોરીફાયર
- શૈક્ષણિક સોફ્ટવેર
- સ્માર્ટ ક્લાસ
- ટેકનિકલ લેબ
- રમત-ગમતના સાધનો

(વધુ વિગતો પાન નં.૨૩ ઉપર)



**તંત્રી**
ઉર્વીશ છાયા

**પરામર્શન**
નરેશ વેદ ● રાજેન્દ્રસિંહ જાડેજા
ભગીરથ બ્રહ્મભટ્ટ ● આર. પી. પટેલ

**સંપાદન-સહાય**
વિજય સુથાર ● હરીશ પારેખ

**પ્રકાશક**
ડૉ. એસ.જી.પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

●

**મુદ્રક**
સીવીએમ પ્રેસ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

# વિ-વિદ્યાનગર

ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

મે-૨૦૨૩
વર્ષ : ૨૫ અંક : ૫
સળંગ અંક : ૬૧૯

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ : ૧૯૪૫

અધ્યક્ષ
શ્રી ભીખુભાઇ બી. પટેલ

માનદ્ મંત્રી
ડૉ.એસ.જી.પટેલ

માનદ્ સહમંત્રીઓ
● શ્રી મેહુલ ડી. પટેલ
● શ્રી રમેશ સી.તલાટી ● શ્રી વી.એચ.પટેલ

## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ ● ઉચ્ચતર માધ્યમિક શિક્ષણસંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ ● ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેકનોલોજી, હોટેલ મેનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કોલેજ ઑફ બિઝનેસ એન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ ● અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો ● વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ ● કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો ● વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ ● સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન ● પ્રાથમિકથી લઇ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઇબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ ● સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યુ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. ● રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ, ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી ● કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કોલેજ ● ઇન્ટિરિયર ડીઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.

અંકની છૂટક કિંમત : ₹ ૧૫/- રવાનગી ખર્ચ : ₹ ૧૦/- વાર્ષિક લવાજમ : ₹ ૧૫૦/-
વિદ્યાર્થી લવાજમ : ₹ ૧૦૦/- આજીવન લવાજમ : ₹ ૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. ।વિ। નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ.૧૯૯૯થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર
'વિ-વિદ્યાનગર' www-vvidyanagar.in પર મૂકવામાં આવે છે. દેશ વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચાર-કણિકા**

મૂળ રે વિનાનું કાયા ઝાડવું
એને પડતાં ન લાગે વાર-
મૂળ રે વિનાનું કાયા ઝાડવું !

એને પુણ્ય રૂપી રે ખાતર પૂરજો,
એ-જી એનાં મૂળિયાં પોંચે પાતાળ-

એને સત રે કેરાં જળ સિંચજો,
એ-જી નૂરત સૂરત પાણી ધાર-

**રવિસાહેબ**


॥ પ્રાથમ્ય ॥
શાંતિની શોધ : આત્મસંતોષ ....................૩
**સંકલન : એસ.જી.પટેલ**

॥ આપણો વૈભવ અને વારસો ॥ .................૪
પદ્ય-વિભાગ
**રવિસાહેબ, ડુંગરપુરી, ખીમ સાહેબ, ગંગાસતી**

॥ નવાં કાવ્યો ॥ ..............................૫
**અર્જુનસિંહ કે. રાઉલજી, શૈલેષ ગઢવી,**
**પારુલ ખખ્ખર, સિકંદર મુલતાની**

॥ આપણો વૈભવ અને વારસો ॥ ..............૬
ગદ્ય-વિભાગ : એ નક્કી કોણ કરશે ?
**વિનોબા ભાવે**

॥ લઘુકથા ॥ ગાણાં ...........................૭
**મહેબુબ અ. સૈયદ (બાબા)**

॥ સાંપ્રત માહિતી ॥ ભારત અને ગુજરાતના અંદાજપત્રમાં શિક્ષણ વિષયક જોગવાઈઓ.....................૮
**નરસિંહ પરમાર**

॥ અભ્યાસ ॥
આદિવાસી ભીલ સમાજના લગ્નગીતો...........૧૦
**ચંદ્રકાન્ત પટેલ 'સરલ'**

॥ પ્રેરક ॥ અપેક્ષાઓની વચાળે ...............૧૪
**ઈશ્વરભાઈ વાઘેલા**

॥ પ્રવાસ-નિબંધ ॥
શાકુરા વૃક્ષોની છાયામાં-જાપાનમાં................૧૬
**ડંકેશ ઓઝા**

॥ ચરોતરની લોકવાર્તા ॥
એક અહંકારી મોચીની વાત....................૧૮
**સંકલન : ચતુર પટેલ**

॥ સંસ્થા પરિચય ॥
એમ.યુ.પટેલ ટેક્નિકલ હાઈસ્કૂલ..................૨૩
**ડૉ.શંકરભાઈ સોમાભાઈ પારગી**

**॥ વિદ્યાવૃત્ત ॥** ............૭, ૯, ૧૫,૧૭,૨૨,૨૬





ISSN 0976-9609

॥ પ્રાથમ્ય ॥

## શાંતિની શોધ : આત્મસંતોષ

**સંકલન : એસ.જી.પટેલ**

એક અમેરિકન બિઝનેસમેનને, તેના ડોક્ટરે મેક્સિકોના તટવર્તી ગામમાં ફરજિયાત વેકેશન પર મોકલી દીધો. એક રાતે ઓફિસમાંથી અરજન્ટ ફોન આવ્યો, પછી બિઝનેસમેન ઊંઘી ન શક્યો અને વહેલી સવારે દરિયા કિનારે ટહેલવા નીકળી પડ્યો. ત્યાં તેણે જોયું કે એક યુવાન મેક્સિકન માછીમારે તેની નાનકડી નાવડી લાંગરી છે. નાવડીમાં વિશાળ કદની યલોફિન ટુના માછલીઓ ભરેલી હતી. બિઝનેસમેને માછલીઓની ગુણવત્તા બદલ માછીમારનાં વખાણ કર્યા.

અમેરિકને પૂછ્યું, 'તેં કેટલા વખતમાં આ પકડી ?'

'બેચાર કલાક થયા હશે.'

'તેં વધુ રોકાઈને વધારે કેમ ન પકડી ?'

'પરિવાર અને ભાઈબંધો માટે આટલી પૂરતી છે.'

'અચ્છા, બાકીના સમયમાં તું શું કરે છે ?'

'હું બાળકો સાથે રમું, બપોરે થોડું સૂઈ જાઉં, સાંજે ગામમાં આંટો મારવા નીકળું, ભાઈબંધો સાથે વાઈન પીઉં, ગિટાર વગાડું, પરિવાર સાથે ગપાટા મારું, રાતે મોડેથી સૂઈ જાઉં. સવારે માછલીઓ પકડું છું.'

બિઝનેસમેન હસ્યો, 'હું હાવર્ડનો એમબીએ છું, કહેતો હોય તો તારો ધંધો ગોઠવી આપું. તું વધુ માછલીઓ પકડી શકીશ અને મોટી નાવડી ખરીદી શકીશ. એમાંથી ધંધો વધશે અને વધુ નાવડીઓ મારફતે ખૂબ બધી માછલીઓ પકડી શકીશ. પછી તું તેને બજારમાં, બીજા વેપારીઓને વેચીને અને એક્સપોર્ટ કરીને એક કંપની ખોલી શકીશ. તું ધંધો કરવા માટે મેક્સિકો છોડીને ન્યુયોર્કમાં રહેવા જઈ શકીશ.'

માછીમારે પૂછ્યું, 'સર, એમાં કેટલો વખત લાગે ?'

'૧૫ થી ૨૦ વર્ષ. બહુ તો ૨૫.'

'પછી શું, સર ?'

'પછી જ ખરી મજા છે,' અમેરિકને કહ્યું, 'સમય પાકે એટલે તું તારી કંપનીનો આઈપીઓ લાવી શકીશ. કંપનીના શેર લોકોને વેચી શકીશ, એમાં તું લાખો ડોલર કમાઈને ધનવાન થઈશ.'

'લાખો ડોલર ?' ઓહ, પછી ?' માછીમાર-ને આશ્ચર્ય થયું.

બિઝનેસમેને કહ્યું, 'પછી તું નિવૃત્ત થઈને કોઈ દરિયાકિનારે ગામમાં રહેવા જઈ શકીશ. ત્યાં તું તારા પૌત્રો-પૌત્રીઓ સાથે રમી શકીશ, બપોરે થોડું સૂઈ જઈ શકીશ, સાંજે ગામમાં આંટો મારવા નીકળી શકીશ, ભાઈબંધો સાથે વાઈન પી શકીશ, ગિટાર વગાડી શકીશ, પરિવાર સાથે ગપાટા મારી શકીશ, રાતે મોડેથી સૂઈ જઈ શકીશ અને વહેલી સવારે ઊઠીને માછીમારીનો આનંદ લઈ શકીશ.'

પેલો માછીમાર તો આશ્ચર્યચકિત થઈ ગયો. એણે પેલા અમેરિકનને કહ્યું કે આ આરામ કરવાનું કામ તો હું વરસોથી કરું છું. એના માટે આટલી બધી જફા કરવાની તમને જરૂર લાગે છે ?

આ આખોય પ્રસંગ એક મિત્રએ મને મોકલ્યો. આપણે પેલા માછીમારની જેમ જે છે તેમાં આનંદ નથી માણતા અને જેની પાસે છે તે પેલા અમેરિકન બિઝનેસમેનની માફક શાંતિની શોધમાં ભટક્યા કરે છે.

(—'વિચાર વલોણું' માંથી સાભાર.)

માનદ્‌મંત્રી, ચારુતર વિદ્યામંડળ,
વલ્લભ વિદ્યાનગર, ફોન (૦૨૬૯૨) ૨૩૮૪૦૦
ઇ-મેઇલ : sgpatel1948@gmail.com

॥ વૈભવ-વારસો પદ્ય વિભાગ ॥

## મૂળ રે વિનાનું કાયા ઝાડવું

**રવિસાહેબ**

મૂળ રે વિનાનું કાયા ઝાડવું
એને પડતાં ન લાગે વાર-
મૂળ રે વિનાનું કાયા ઝાડવું !

એને પુણ્ય રૂપી રે ખાતર પૂરજો,
એ-જી એનાં મૂળિયાં પોંચે પાતાળ-

એને સત રે કેરાં જળ સિંચજો,
એ-જી નૂરત સૂરત પાણી ધાર-

એને શીલ સંતોષ કેરાં ફળ લાગશે
એ-જી અમર ફળ રસધાર-

કહે રવિરામ ગુરુ ભાણ પ્રતાપે,
એ-જી ભજન કરે તે ભવપાર-

મૂળ રે વિનાનું કાયા ઝાડવું
એને પડતાં ન લાગે વાર-
મૂળ રે વિનાનું કાયા ઝાડવું !

## જીવોને ગગનાં હેરી...

**ખીમસાહેબ**

જીવોને ગગનાં હેરી, ત્યાં બંસરી બાજે ગેરી.

ત્રિવેણી ટંકશાળ પડત હે, તાપર જીણી શેરી.
અમર અજીતા આશન બેઠા, નગર બસાયા ફેરી.

ઘડી ઘડી ઘડીઆળાં વાગે; વાગેશ્વર ઘંટેરી.
ઢોલ નગારાં સરનાઇ વાગે, ધૂન મચી ચોફેરી.

ગગન મંડલમેં કરલે વાસા, વાંહે જોગી લેહેરી.
સત્‌ગુરુવે મુને સાન બતાઇ, જાપ અજંપા કેરી.

સાસ ઉસાસ દોઇ નહીં પોચે, વાં લે લાગી મેરી.
નૂરતે સૂરતે નામ નીરખલે, સુખમન માળા ફેરી.

સાચા સત્‌ગુરુ નૈણે નીરખ્યા મટ ગઇ રેન અંધેરી.
ખીમદાસ ગુરુ ભાણ પ્રતાપેં, ચોટ નહિ જમ કેરી.

## વરતન જોઇ વસ્તુ વો'રીએ

**ડુંગરપુરી**

વરતન જોઇ વસ્તુ વો'રીએ
એમાં અવગુણ ના'વે નાથજી.
દીપક વિનાના મંદિર કેસા ? કેસે ત્રાટીકું તાળાં ?
કિરિયા વિનાના જોગી કેસા ?
જેસે નીર ભરિયલ ખારાં-વરતન.
કાચે રે ઘડેમેં નીર ક્યું રે'વે ?
ક્યું રે'વે કાગજ મેં પારા ?
બગલે મોતીડેકું ક્યા કરે ?
મોતી હંસ કેરા ચારા-વરતન૦
અંધલે અરીસેકું ક્યા કરે ?
ક્યા કરે મૂરખકું માળા ?
કાફર તરબીકું ક્યા કરે ?
ઘટડે મેં ઘોર અંધેરા-વરતન૦
વિના રે ફરજંદ કેસી માવડી ?કેસે પાવૈકું પાના ?
દાસ ડુંગરપરી બોલિયા, સતગુરુ સાચા પરવાના -
વરતન જોઇ વસ્તુ વો'રીએ.

## કુપાત્ર આગળ વસ્તુ ના વોરવી ને

**ગંગાસતી**

કુપાત્ર આગળ વસ્તુ ના વોરવી ને,
સમજીને રહેવું રે ચૂપ,
મરને આવીને ધનના ઢગલા કરે,
ભલેને હોય મોટા ભૂપ.
ભાઇ રે, ભજની નરનારે બેપરવા રૈવું ને,
રાખવી નહિ કોઇની દરકાર,
મોટાની આગળ મુખ નવ ખોલવું ને,
બાંધવો સૂરતાનો એકતાર.
ભાઇ રે, ઉપદેશ દેવો તો ભગતિ દેખાડવીને,
ગાળી દેવો સઘળો મોહ,
દયા કરવી ને ધીરજ રે ધરવી ને
ન કરવો કોઇનો દ્રોહ.
ભાઇ રે, સંશય ટળે ને મનડું ગળે માટે,
પરહરો રાગ ને દેસ,
ગંગાસતી એમ કરીને બોલિયા રે,
એવાંને દેખાડવો હરિનો દેશ


ISSN 0976-9609

॥ નવાં કાવ્યો ॥

## પાણી ભરેલું ઢીબું

**અર્જુનસિંહ કે રાઉલજી**

પાણી ભરેલું ઢીબું
ગેલેરીમાં લટકાવ્યું
તે સાથે
ગેલેરીના હીંચકા ઉપર મૂકેલા
તકિયાના ગલેફ ઉપર
દોરેલી ચકલીએ
ચીં...ચીં...ચીં...ચીં...
કરી મૂક્યું.

૪૨, કૃષ્ણશાંતિ સોસાયટી-૨
મુજમહુડા, અકોટા રોડ, વડોદરા-૩૯૦૦૨૦
E-mail.a.k.raulji@gmail.com

## સ્મરણનાં ફોતરાં...

**શૈલેષ ગઢવી**

સ્મરણનાં ફોતરાં વીણી વ્યથા શણગારવા બેઠો,
સુકાતા વૃક્ષની ડાળી ફરીથી રોપવા બેઠો.
અમાસે સૂર્યનું સપનું રમાડી બંધ આંખોમાં,
સમાધિની દશાનો દીવડો પ્રગટાવવા બેઠો.
દરદમાં એ રીતે મેં હોઠ મલકાવી લીધા જાણે,
ઉછીના સોય-દોરાથી ખુશાલી સાંધવા બેઠો.
વીતેલા કાળના જળમાં અકળ ડૂબકી લગાવી,
છલકતી વાવનાં ઊંડાણ અમથો તાગવા બેઠો.
નિરાશાઓમાંની વચ્ચે મન મનાવી લીધું એ રીતે,
ખર્યો આકાશથી તારો ને તુક્કો ધારવા બેઠો.

શ્રી ખીજડિયા પ્રાથમિક શાળા,
તા.મેંદરડા, જિ.જૂનાગઢ, મુ.ખીજડિયા
પીન ૩૬૨૨૬૦ (મો) ૬૩૫૧૯૦૩૮૭૩

## 'હાંફતા હશે' (ગઝલ)

**પારૂલ ખખ્ખર**

એ દોડતા હશે ને પછી હાંફતા હશે,
        જે બિનજરૂરી માલમતા લાદતા હશે.
નાસી ગયેલ શખ્સને પાછો ન લાવશો,
        પાછો તો આવશે પરંતુ લાપતા હશે.
છમછમ હૃદયમાં સાંભળી વૃદ્ધા વિચારતી,
        આ ક્યા જનમનાં ઓરતાઓ નાચતા હશે !
એ જીવતાં નથી છતાં જીવ્યે જ જાય છે,
        એને કદાચ જીવવાની માનતા હશે.
કાપીને જાય ગામ, ગલી, ઘરના મૂળ એ,
        ખુદને ઉછીની ભોમ ઉપર વાવતાં હશે !
માણસ વગરનું ગામડું બસસ્ટેન્ડને પૂછે,
        ખાલી થયેલ ગામ બધા ક્યાં જતાં હશે ?
ગુંજ્યા કરે છે રાતદિવસ એક પ્રશ્ન કે,
        જેનું રહે ન કોઇ એ કોના થતાં હશે ?

E-mail:parul.khakhar@gmail.com

## "દીકરી" (ગઝલ)

**સિકંદર મુલતાની**

મધ સરીખી મીઠડી છે દીકરી,
        કુળની તો દીવડી છે દીકરી !
બોજ છે શું ? સાપનો શું ભારો છે ?
        શું બિચારી, બાપડી છે, દીકરી ?
સિંધુ ધરબીને હૃદયમાં સાત સાત...
        પાય, અમરિત, વીરડી છે દીકરી !
કાં ન હો, જાહોજલાલી એ ઘરે ?
        લક્ષ્મીજીની આંખડી છે દીકરી !
પુત્ર, ટેકણલાકડી પણ આંચકે..
        'ને શ્રવણરૂપે ખડી છે દીકરી !
જોઉં છું કાયમ સજળ એનાં નયન,
        કાશી, મથુરા, શીરડી છે દીકરી !
મહેલો પણ જે સાહ્યબીને ઝંખતા,
        ભવ્યતમ એ ઝૂંપડી છે દીકરી !

માળીવાડ, જગન્નાથજીના મંદિર પાસે,
ગ્રીન ચોક, લીંબડી-૩૬૩૪૨૧, જિ.સુરેન્દ્રનગર
(મો) ૯૨૨૮૧૧૬૩૬૩

॥ વૈભવ-વારસો - ગદ્ય વિભાગ ॥

## એ નક્કી કોણ કરશે ?

**વિનોબા ભાવે**

કેટલાક લોકો વૈરાગ્યપૂર્ણ જીવન વિતાવે છે અને આત્મામાં વધુ રત રહે છે. એમને પણ તરસ તો લાગે છે. તે વખતે પાણી મળે, તો જ એમને સમાધાન થાય છે; પાણી ન મળે ત્યાં સુધી અજંપો રહે છે.

બીજી બાજુ, જેઓ દેહના સુખ તરફ વધારે ઝૂકે છે, એમના જીવનમાં યે ક્યારેક એવી ક્ષણ આવે છે જ્યારે બહારની વસ્તુઓથી એમને તૃપ્તિ થતી નથી; એમને અંતરના સમાધાનની ભૂખનો અનુભવ થાય છે.

તેથી દેહ અને આત્મા બંનેનું સમાધાન થવું જોઇએ. આ માટે વિજ્ઞાન અને આત્મજ્ઞાનનો વિકાસ સાથે સાથે ચાલવો જોઇએ.

પ્રાચીન જમાનામાં આપણે ત્યાં આધ્યાત્મિક તૃષ્ણા વધારે હતી, એટલે આત્મજ્ઞાનની ખોજ અહીં વધારે થઇ શકી. પશ્ચિમના દેશોમાં છેલ્લાં ત્રણસો વરસમાં વિજ્ઞાનનો વધુ વિકાસ થયો. પહેલાં ક્યારેય નહોતો થયો એટલો સુખવિસ્તાર વિજ્ઞાને આજે કરી દીધો છે. પણ પહેલાં કરતાં સમાધાન વધ્યું છે એમ કહી શકાતું નથી. તેથી માણસનો વિકાસ એકાંગી થઇ રહ્યો છે. મારો જો એક જ હાથ મોટો થયો, તો હું એમ નહીં કહી શકું કે હું સુખી છું. બલ્કે એમ કહેવું પડશે કે મારો વિકૃત વિકાસ થઇ રહ્યો છે, ને પરિણામે હું દુઃખી છું. આજે આપણે શરીર તરફ વધારે ધ્યાન આપીએ છીએ ને આત્મા તરફ ઓછું. એટલે માનવીય ગુણોનો વિકાસ નથી થઇ રહ્યો, અને માણસ દુઃખી છે.

અગ્નિથી રોટલી પણ શેકી શકાય છે અને ઘરને આગ પણ લગાડી શકાય છે. વિજ્ઞાને તો અગ્નિના બેય ઉપયોગ બતાવી દીધા. પણ તેમાંથી કયો ઉપયોગ કરવો તેનો નિર્ણય આત્મજ્ઞાને કરવો પડશે. જેના આત્મજ્ઞાનમાં દોષ હશે, તે વિજ્ઞાનનો ખોટો ઉપયોગ કરશે. વિજ્ઞાન તો માણસનું જીવનધોરણ વધારવા માટેનાં સાધનો ઉપલબ્ધ કરાવી આપે છે. વિજ્ઞાન તો દૂધ, ફળ, સિગારેટ, દારૂ, બધું જ વધારી આપશે. પણ દારૂ પીવાથી જીવનધોરણ વધે છે કે ઘટે છે, તે કોણ નક્કી કરશે ? વળી દૂધ સારી વસ્તુ હોય તો પણ તેનુંય પ્રમાણ કેટલું વધારવું, તે વિચારવું પડશે. સારી વસ્તુ પણ વધારે પડતી લેવાથી હાનિકારક બની જાય છે. એટલે ખરાબ ચીજો ન વધારવી, અને સારી ચીજો પણ અમુક હદથી વધુ ન વધારવી, એમ નક્કી કોણ કરશે ? એ બધું નક્કી કરવાની શક્તિ વિજ્ઞાનમાં નહીં પણ આત્મજ્ઞાનમાં છે. ઈષ્ટ શું ને અનિષ્ટ શું, તે નક્કી કરવાનું કામ આત્મજ્ઞાનનું છે.

વિજ્ઞાન ગતિ-વર્ધક છે. આત્મજ્ઞાન દિશા-સૂચક છે. આપણે પગ વડે ચાલીએ છીએ, પણ કઇ દિશામાં ચાલવું તે આંખથી નક્કી કરીએ છીએ. તેમ વિજ્ઞાન પગ છે અને આત્મજ્ઞાન છે આંખ. માણસને જો આત્મજ્ઞાનની આંખ ન હોય, તો તે આંધળો કોણ જાણે કયાં ભટકશે ! બીજી બાજુ, આંખ હોય પણ પગ ન હોય તો તેણે બેઠા જ રહેવું પડશે.

વિજ્ઞાન અને આત્મજ્ઞાનમાં કોણ ચઢિયાતું અને કોણ કનિષ્ટ, એવી કોઇ વાત જ નથી. બંને એકબીજાનાં પૂરક છે. બંને મળીને જ પૂર્ણ જ્ઞાન થાય છે. બંનેનો એકસાથે વિકાસ થતો રહેવો જોઇએ બંનેના વિકાસમાં સમત્વ જળવાશે તો જ માણસને સમાધાન પ્રાપ્ત થશે. વિજ્ઞાનની શોધનો ઉપયોગ સહુ કોઇ કરી શકે છે, તેમ આત્મજ્ઞાની શોધનોય સહુ ઉપયોગ કરી શકે એવું થવું જોઇએ. સત્પુરુષોએ પોતાના વ્યક્તિગત જીવનમાં જે ગુણો સિદ્ધ કર્યા, તેને આપણે સમાજવ્યાપી બનાવવાના છે.

(‘ભૂમિપુત્ર’ પખવાડિક : ૨૦૦૧)
‘અરધી સદીની વાચનયાત્રા’માંથી સાભાર


ISSN 0976-9609

॥ લઘુકથા ॥

## ''ગાણાં''

**મહેબુબ અ. સૈયદ (બાબા)**

વાતમાંથી વાત નીકળતા. એણે સાફ શબ્દોમાં સલાહ આપી. ''જો, મારું માને તો, ભૂખ્યો મરી જજે. પણ માથે કોઇનુંયે અહેસાન ના લેતો. નહીંતર તારી સાત પેઢીઓને વાડમાં પડેલાના અહેસાનના ગાણાં સાંભળી સાંભળીને કાન કાણાં થઇ જશે. ને એ સાંભળ્યા સિવાય તારી કને બીજો કોઇ ઉપાય નહીં હોય, સમજણ પડી....?''

પછી, એની આંખો સમક્ષ સડસડાટ કરતીક એક ફિલ્મની જેમ આખું જીવતર પસાર થઇ ગયું. પણ એનો અંત ઊંડે ઊંડેથી ગુંગળાવનારો હતો.

હવે, ગંગાબાનો ભીખો ભીખાલાલથી ઓળખાવા લાગ્યો. ગામ આખામાં આગળ પડતું ઘર. વિશાળ વરંડામાં મોંઘીદાટ ગાડી, ઘરે નોકર-ચાકર, અધધધ પેન્શન-બેંક બેલેન્સ ને ખેતીની આવક. એક છોકરો કેનેડા ને બીજો અમેરિકા. બંને દાક્તર.

એ વખતે ગંગા ગામની બકરીઓ ચરાવે, હાથ વડે લોકોના કપડાં સીવે લૂખું-સૂકું ખાઇ, પેટે પાટા બાંધી, જેનું તેનું વૈતરું કરી ભીખાને ભણાવ્યો. ને એ પછી ભીખાને બે પાંદડે જોયા પછી આંખો મીંચી.

પણ, જ્યારે પણ આજે એ વાત નીકળે છે ત્યારે કોઇને કોઇ માથું ઊંચું કરીને કહેતું હોય છે. ભૈ એ વખતે જો અમે મદદ ના કરી હોત તો આજે પણ એમના એમ જ...

ઠે. તળાવ ફળી, મુ.પો.હાડગુડ,
તા.જિ.આણંદ-૩૮૮૧૧૦,(મો) ૯૭૨૫૪૦૦૪૯૪

॥ વિદ્યાવૃત્ત ॥

**ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરી સ્કૂલ :** ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી. પટેલ હાયર સેકન્ડરીમાં કાર્યરત એન.એસ.એસ.યુનિટ દ્વારા શાળાના આચાર્યશ્રી વી.આર. સુથાર અને પ્રો.ઓ.શ્રી પી.આર.સોલંકીના માર્ગદર્શન હેઠળ આણંદ તાલુકાના જોળ મુકામે એન.એસ.એસ.વાર્ષિક શિબિર યોજવામાં આવી હતી, જેમાં શિબિરાર્થીઓ દ્વારા દરરોજ સવારે પ્રભાતફેરી, પ્રાર્થના અને પ્રવચન, યોગા-કસરત જેવી પ્રવૃત્તિઓનું આયોજન કર્યું. ઉપરાંત સી.વી.એમ. સંચાલિત જી.જે.પટેલ આયુર્વેદિક કોલેજના સહયોગથી આયુર્વેદિક કેમ્પમાં ૧૫૦ થી વધુ ગ્રામજનોએ નિઃશુલ્ક સેવાનો લાભ મેળવ્યો. ગુજરાત પ્રાકૃતિક ખેતીનું મોડલ ટેસ્ટ બને તે અંતર્ગત આણંદ જિલ્લાના પ્રોજેક્ટના ટેકનોલોજી મેનેજરશ્રી સુરેશભાઇ મહેરિયાના સહયોગથી ગામનાં સરપંચશ્રી અને ખેડૂત ભાઇ-બહેનોને દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીના લાભો અને સરકાર દ્વારા મળતી સહાય વિશે માહિતગાર કર્યા, જેમાં મુખ્ય પાંચ આધારસ્તંભ જીવામૃત, બીજામૃત, આચ્છાદન, વાપ્સા અને મિશ્રપાકની વિશેષ માહિતી આપી. ગામ લોકોને પંચાયતના તલાટી અને ગ્રામસેવક દ્વારા ઇ-શ્રમ કાર્ડ, આધારકાર્ડ, અને આયુષ્માન ભારત હેલ્થ કાર્ડ અને વિવિધ સરકારી યોજનાઓની માહિતી આપી. ૮ મી માર્ચના રોજ કુ.હિનાબેન અને શ્રીમતી હંસાબેન રાઠોડે ૫૦ વિદ્યાર્થિનીઓ સાથે સ્ત્રી-સશક્તિકરણ અને જાગૃકતા અંગે રેલી યોજી જ્યારે પ્રો.ઓ.શ્રી અશોક વ્યાસ દ્વારા ૫૦ સ્વયંસેવકો સાથે ગુજરાત રોડ સેફટી ઓથોરીટી અંતર્ગત માર્ગ સલામતી જનજાગૃતિ રેલીનું આયોજન કર્યું. સ્વચ્છ ભારત કાર્યક્રમ અંતર્ગત ગ્રામસફાઇ કરી, પ્રાથમિક શાળાની વિદ્યાર્થિનીઓ માટે દેશી રમતો ઉપરાંત મહેંદી, કેશગૂંફન અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. તા.૧૩-૩-૨૦૨૩ ને સોમવારના રોજ શાળાના આચાર્યશ્રી વિજયકુમાર સુથાર સાહેબના અધ્યક્ષપદે તેમજ નલિની અરવિંદ આર્ટ્સ કોલેજના પ્રાધ્યાપક તથા પ્રોગ્રામ ઓફિસરશ્રી ભુપેન્દ્રભાઇ ગજેરા સાહેબના મુખ્ય મહેમાનપદે, ગામના અગ્રણી વડીલોની ઉપસ્થિતિમાં સમાપન કાર્યક્રમમાં શિબિરાર્થીઓની કામગીરીને બિરદાવી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે કુ.હીનાબેને આભારવિધિ કરી હતી.

॥ સાંપ્રત-માહિતી ॥

# ભારત અને ગુજરાતના અંદાજપત્રમાં શિક્ષણ વિષયક જોગવાઈઓ

નરસિંહ પરમાર

ભારત સરકારના નાણાંમંત્રી નિર્મલા સીતારામને નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ના કેન્દ્રીય અંદાજપત્રમાં શિક્ષણ મંત્રાલય માટે રૂપિયા ૧,૧૨,૯૯૮,૯૭ કરોડ ફાળવ્યા છે, જેમાં શાળા શિક્ષણ માટે રૂા. ૬૮,૮૦૪.૮૫ કરોડ અને ઉચ્ચ શિક્ષણ માટે રૂા. ૪૪૦૯૪.૬૨ કરોડ ફાળવવામાં આવ્યા છે.

૨૦૧૮ માં આદિવાસી ક્ષેત્રોમાં એકલવ્ય શાળાઓ ખોલવાની શરૂઆત થઇ હતી. એકલવ્ય શાળાઓમાં ૪૧ ટકા પદો ખાલી છે. આ શાળાઓમાં બાળકોને શિક્ષણ ઉપરાંત સ્થાનિક કલા, સંસ્કૃતિ, રમતગમત અને કૌશલ વિકાસને લગતું શિક્ષણ આપવામાં આવે છે. આગામી ત્રણ વર્ષમાં દેશની ૭૪૦ શાળાઓમાં ૩૮,૮૦૦ શિક્ષકો અને સહાયક કર્મચારીઓની ભરતી કરવામાં આવશે. દેશની આ શાળાઓમાં હાલ ૩.૫ લાખ બાળકો અભ્યાસ કરી રહ્યા છે. એકલવ્ય આદર્શ નિવાસી શાળાઓના બજેટમાં રૂા. ૫૮૧.૯૬ કરોડનો વધારો કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૧માં તેનું બજેટ રૂપિયા ૧૪૧૮.૦૪ કરોડનું હતું તે વધારીને રૂપિયા ૨,૦૦૦ કરોડ કરી દેવામાં આવ્યું છે. આ યોજના આદિવાસી બાળકોને છાત્રાલય નિવાસ સાથે શાળાશિક્ષણની છે.

## ડિજિટલ લાયબ્રેરી :

બાળકો અને યુવાનો માટે ડિજિટલ લાયબ્રેરી સ્થાપિત કરવામાં આવશે. ડિજિટલ લાયબ્રેરી એક પુસ્તકાલય હોય છે. જે ઉપલબ્ધ પુસ્તકોના ડિજિટલ વર્ઝનમાં ઉપલબ્ધ થકે. તેમાં ઇલેકટ્રોનિક અથવા ડિજિટલ ફોર્મેટમાં ટેકસ્ટ, ફોટો, વીડિયો અથવા ઓડીઓ પણ સામેલ હોય છે. ડિજિટલ લાયબ્રેરીને કોઇપણ સ્થળેથી એક્સેસ કરી શકાશે. તેને પરિણામે વધુમાં વધુ બાળકો અને યુવાનો પુસ્તકો સુધી પહોંચી શકશે. ડિજિટલ લાયબ્રેરીની સંરચનામાં એક હાઇસ્પીડ લોકલ નેટવર્ક, રીલેશન ડેટાબેઝ, વિભિન્ન પ્રકારના સર્વર અને ડોક્યુમેન્ટ મેનેજમેન્ટનો સમાવેશ થાય છે. યુવાનો માટે આ એક સારી પહેલ છે.

## આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ :

દેશમાં ત્રણ સેન્ટર ફોર એક્સલન્સ ફોર આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ઊભા કરવામાં આવશે. અગ્રણી ઉદ્યોગગૃહો આ કેન્દ્રમાં આધુનિક એપ તૈયાર કરવા તેમજ કૃષિ, આરોગ્ય અને નગર રચનાને મુદ્દે આવતી સમસ્યાના સમાધાન શોધવા રીસર્ચ કરવામાં મદદ કરશે. નેશનલ ડેટા ગર્વનન્સ પોલિસી બનાવવા-માં આવશે. તેના કારણે ટેડા સુરક્ષિત રહેશે અને રિસ્ક બેઝડ્ સિસ્ટમની મદદથી કેવાયસી પ્રક્રિયાને સરળ કરવામાં પણ મદદ મળશે.

મેડિકલ એજ્યુકેશનમાં મલ્ટી ડીસિપ્લિનરી સ્ટડી માટે મટીરિયલ્સની વ્યવસ્થા કરવામાં આવશે. આધુનિક ટીચર્સ ટ્રેનિંગ સેન્ટર શરૂ કરવામાં આવશે.

યુનિફાઇડ ડિજિટલ ઇન્ડિયા પ્લેટફોર્મની સ્થાપના થશે. તેનાથી કૌશલ વિકાસમાં તેજી આવશે.

## ગુજરાત સરકારનું અંદાજપત્ર :

ગુજરાત સરકારના વર્ષ ૨૦૨૩-૨૪ ના અંદાજપત્રમાં નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ દ્વારા શિક્ષણ વિભાગ માટે રૂા. ૪૩૬૫૧ કરોડ ફાળવવામાં આવ્યા છે. દર વર્ષે ૭% થી ૧૦% રકમનો વધારો શિક્ષણ બજેટમાં થતો હતો. આ બજેટ ગત વર્ષના રૂા.૩૪૮૮૪.૪૭ કરોડની તુલનામાં ૨૫% વધારો દર્શાવે છે. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગને રૂા. ૫૬૮ કરોડ ફાળવાયા છે. ૨૦,૦૦૦ મોટી શાળાઓમાં ૫૦,૦૦૦ નવા વર્ગખંડો બાંધવામાં આવશે. એ જ રીતે ૧.૫૦ લાખ જ્ઞાનકુંજ સ્માર્ટ ક્લાસરૂમનું નિર્માણ કરાશે. ૨૦,૦૦૦ કમ્પ્યુટર લેબ ઊભી કરાશે. તેમજ ૫૦૦૦ STEM લેબ ઊભી કરવાનું આયોજન છે. આ અંદાજપત્રમાં પસંદ કરેલ એકલવ્ય મોડેલ રેસિડેન્ટિઅલ સ્કૂલ, ગર્લ રેસિડેન્સિઅલ સ્કૂલ અને રક્ષાશક્તિ વિદ્યાલયમાં જિલ્લા સ્તરના સ્પોર્ટ્સ સ્કૂલ શરૂ કરવાનું આયોજન છે. મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ માટે રૂા.૩૧૦૯ કરોડ ફાળવાયા છે.

 ISSN 0976-9609

રાઇટ ટુ એજ્યુકેશનના લાભાર્થીઓ અને આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓ તેમનો અભ્યાસ પૂર્ણ કરી શકે તે માટે રૂા. ૨૦,૦૦૦ ની ''જ્ઞાન સાધના સ્કૂલ વાઉચર'' યોજના અમલમાં મૂકાશે. શિક્ષણ પર વિપરીત અસર ન પડે તે માટે બિનશૈક્ષણિક કામો માટે શાળા સહાયકોની નિમણૂક કરવામાં આવશે.

મેડિકલ ઇજનેરીનો અભ્યાસક્રમ પણ ગુજરાતી ભાષામાં ભણાવવામાં આવશે તેવો નિર્ણય સરકારે કર્યો છે. સરકાર દ્વારા ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોના ગુજરાતી ભાષાંતર, ટેકનોલોજી આધારિત ડિજિટલ લર્નિંગને પ્રોત્સાહન આપવા તેમજ રિસર્ચ ઇનોવેશન, ટીચર્સ ટ્રેનિંગ સહિત સુવિધાઓ માટે રૂા. ૪૦૧ કરોડની ફાળવણી અંદાજપત્રમાં કરવામાં આવી છે. ઉચ્ચ શિક્ષણની નવી સંસ્થાઓ શરૂ કરવી તેમજ હાલની સંસ્થાઓના માળખાકીય સુવિધાઓના વિકાસ માટે તેમજ આઇટી ઉપકરણો ઉપલબ્ધ કરાવવા માટે રૂા. ૧૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ઉચ્ચ શિક્ષણ મેળવનાર વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અને સારી ગુણવત્તાના સંશોધનને પ્રોત્સાહન આપતી શોધ યોજના સહિતની વિવિધ યોજનાઓ માટે રૂપિયા ૩૯૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ બજેટમાં કોલેજના વિદ્યાર્થીઓને ટેબલેટ આપવા માટેની કોઇ જોગવાઇ નથી.

---

પૂર્વ અધ્યાપક,
બીજેવીએમ કોમર્સ કોલેજ,
વિદ્યાનગર (મો) ૯૮૭૯૮૦૪૫૦૫
Email:narsinhparmar61@gmail.com.

---

## ॥ વિદ્યાવૃત્ત ॥

**ગો.જો.શારદા મંદિરમાં ૭૫મા શાળા સ્થાપના દિન ઉજવણી :**

ચા.વિ.મંડળ સંચાલિત વિદ્યાનગરની પ્રથમ શાળા ગો.જો.શારદા મંદિરનો તા.૧-૩-૨૩ ના રોજ શાળા સ્થાપના દિનના ૭૫ મા વર્ષની ઉજવણી રૂપે શાળા ''અમૃત વર્ષ મહોત્સવ'' ની ધામધૂમથી ઉજવણી ચા.વિ.મંડળના ચેરમેન શ્રી ભીખુભાઇ પટેલ સાહેબના અધ્યક્ષસ્થાને, અતિથિ વિશેષ ચા.વિ.મંડળ-ના માનદ્ મંત્રી ડો.એસ.જી.પટેલ, ચા.વિ.મંડળ પ્રા.શાળા ચારેય શાળાના સલાહકાર વિનોદિનીબેન પટેલ, મુખ્ય મહેમાન સુલભા નટરાજ ભૂ.પૂ. વિદ્યાર્થિની તથા વે-મેડ કોલેજ ઑફ એજ્યુકેશન, વિદ્યાનગરના ભૂ.પૂ.પ્રિન્સિપાલ, ભૂ.પૂ. આચાર્યો, વિદ્યાર્થીઓ, વડીલશ્રીઓની નિશ્રામાં ઉજવાઇ ગયો.

કેતનાબેન પરમારે શાબ્દિક પરિચયની સાથે પુષ્પગુચ્છ અને મોમેન્ટો આપી મહેમાનશ્રીઓનું અભિવાદન કરેલ તથા અધ્યક્ષ ચેરમેનશ્રી ભીખુભાઇ-એ તેઓના ઉદ્‌બોધનમાં દીકરીઓને શુભાશિષ પાઠવતાં શાળાની ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભકામના પાઠવી હતી. અતિથિ વિશેષ ચા.વિ.મંડળના માનદ્ મંત્રીશ્રી ડો. એસ.જી.પટેલે દીકરીઓને આશીર્વચન પાઠવી શાળાના વિકાસાર્થે શુભકામના પાઠવી હતી. મુખ્ય મહેમાન સુલભા નટરાજે વક્તવ્યના પ્રારંભે દીકરીઓને ''અમૃતા'' જેવા લાલિત્યસભર શબ્દ-બોધનથી નવાજી વક્તવ્યની શરૂઆત કરી હતી. તથા ભાષાકૌશલ માટે સમૃદ્ધ વાચનની જરૂર હોય તો ગુજરાતી માધ્યમ સાથે અભ્યાસ કરીને પણ પ્રગતિ સાધી શકાય છે. સાથોસાથ શાળાજીવનનાં સંસ્મરણો તાજાં કર્યા હતાં. શાળાને રૂપિયા એક લાખનું દાન સુલભા નટરાજે આપ્યું હતું. કાર્યક્રમના અંતમાં જિગીશાબેને આભાર વિધિ કરી તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક યુગ્મા શર્માએ કર્યું હતું.

# આદિવાસી ભીલ સમાજનાં લગ્નગીતો

**ચંદ્રકાન્ત પટેલ 'સરલ'**

ભીલ એ આદિવાસી જાતિ છે. ગુજરાતની પૂર્વ-પટ્ટીમાં આવેલ પંચમહાલ અને દાહોદ જિલ્લામાં તેની વસ્તી વધારે છે. પંચમહાલમાં મોટા ભાગે ભીલો જ દેખાય છે. પંચમહાલને 'ભીલોનો ગઢ' કહેવામાં આવે છે. એકલા ગુજરાતમાં જ ભીલની વસ્તી ૪૦ લાખથી વધારે છે.

આ વિસ્તારો મોટા હોવાથી તેમના રીતરિવાજો પણ અલગ-અલગ છે. આ પ્રજા ડુંગરાળ અને પહાડી પ્રદેશમાં ખાસ રહેતી જોવા મળે છે. હવે તેઓ રાજપીપળા,પશ્ચિમ ખાનદેશ જિલ્લાઓમાં વસી ગયા છે ને ગુજરાતમાં પણ આવી ગયાં છે.

ભીલો રંગે સામાન્યતઃ શ્યામ હોય છે. જોકે, ક્યાંક ક્યાંક ઘઉંવર્ણો કે ઉજળી ચામડીવાળા ભીલો જોવા મળે છે. શરીરે તેઓ ખૂબ મજબૂત છે અને સ્વભાવે નીડર, આત્મવિશ્વાસુ છે.

ભીલ શબ્દ મૂળ દ્રાવિડ ભાષાના 'બિલ' શબ્દ ઉપરથી ઊતરી આવ્યો છે. બિલ એટલે 'બાણ'. બાણ વગરનો ભીલ કલ્પી જ ન શકાય. સંસ્કૃતમાં ભીલ શબ્દનો અર્થ 'કાપવું' એવો થાય છે.

સ્મૃતિકાર મનુ ભગવાને ભીલને બ્રાહ્મણ પિતા અને શૂદ્ર માતાથી ઉત્પન્ન થયેલો ગણ્યો છે. ઈથોવનના મત મુજબ, ભીલનો પ્રથમ ઉલ્લેખ ગુણાઢ્યના 'કથાસરિત્સાગર'માં થયો છે.

ભીલોની ભાષા 'ભીલોરી' કહેવાય છે. તેમની ભાષામાં જૂની ગુજરાતી તથા મરાઠી ભાષાની છાંટ છે. અને કેટલુંક મિશ્રણ અરબી-ફારસીનું પણ જણાય છે. ઉચ્ચારણમાં 'સ' કે 'શ' નો - હ થાય છે. અને 'ચ' કે 'છ' નો - સ - થાય છે. દા.ત. પાંચ 'પોંસ', છાસ-'સાહ' વગેરે

આ ભીલ આદિવાસી પ્રજાની સામાજિક બાબતોમાં લગ્નવ્યવહારની રચના ખૂબ જાણવા જેવી છે. ભીલ પોતાના ગોળમાં જ લગ્ન વ્યવહાર કરે છે. ગોળ એટલે વાડો મંડળ કે ચોક્કસ જ્ઞાતિનું વર્તુળ 'સર્કલ'.

ભદ્ર સમાજની જેમ જ આદિવાસીઓમાં પણ લગ્નનું અનેરું મહત્ત્વ અંકાયું છે. દીકરા-દીકરીની પસંદગીમાં સગોત્રીમાં લગ્ન નથી કરાતું. પોતાની અટકવાળા પરિવાર સાથે લગ્નસંબંધ બંધાતા નથી. અરે ! મામાની અટકવાળાને પણ છોડવામાં આવે છે. આ તેમનું જમા પાસું છે.

ભીલોમાં હજી પણ શુકન અને અપશુકનની માન્યતા પ્રવર્તી રહી છે. ઘુવડ બોલવું, છીકવું, નપુંસકનું સામે મળવું વગેરેને તે અપશુકન ગણે છે. જ્યારે પાણી ભરીને આવતી પનિહારીને શુકનવંતી ગણે છે. લગ્નપ્રસંગે તો શુકન ખાસ જોવાય છે.

ભારતીય આર્યપરંપરામાં સર્વ પ્રથમ ઘરમાં ગણેશની સ્થાપના કરવામાં આવે છે. આ આદિવાસી ભીલ સમાજમાં પણ પ્રથમ ગણેશની સ્થાપના કરવામાં આવે છે જેને 'ઘોણગણેશ' કહે છે. પંચમહાલના ભીલોના ગણેશ દુંદાળા છે ને તે ધરતીને છેડેથી આવે છે. એમ ગવાય છે. જ્યારે રાજના ભીલોના ગણેશ ક્યાંથી આવ્યા છે, તેનો ઉલ્લેખ કરાતો નથી. બન્નેના ગણેશ દુંદાળા જ છે. રાજપીપળાની ભીલી સ્ત્રીઓ ગાય છેઃ

**ટાંથી ગણેશ ડેવ તો સાલી નીસૈરા,**
**સીમળીએ વખોયળો રે ગણેશ ડુંડાળો.**

ગણેશ સ્થાપના પછી મંડપ રોપાય છે. માંડવો જુદી જુદી વનસ્પતિઓ, ફૂલો, ડાળો આદિથી શણગારવામાં આવે છે. મંડપ એ લગ્નવિધિનો અનિવાર્ય ભાગ ગણાય છે. લગ્નપ્રસંગ હોવાથી ઘરમાં મહેમાનોની ભીડ તો રહેવાની જ. કાકા, મામા, ફોઈબા, બહેનો, ફુવાઓ, માસી, માસા વગેરે તો આવવાના જ. પંચમહાલમાં ગવાતું મંડપગીત જુઓઃ

**ભાઈને માંડવડે સુનાનું તોરણ,**
**ભાઈનો માંડવડો હાસો રે બન્યો.**
**ભાઈને માંડવડે બુનુની ધમરોળ,**
**ભાઈનો માંડવડો હાસો રે બન્યો.**

પછીની પંક્તિઓમાં કાકીની, ફઈઓની, માસીની,

 ISSN 0976-9609

ધમરોળ ગાય છે. મંડપ શણગારની સાથે વિનોદ કે વનસ્પતિ જગતનું જોડાણ અહીં નથી. મંડપમાં સંબંધીઓની હાજરીને જ સંપાદિત ગીતોમાં સ્થાન અપાયું છે.

ભદ્ર સમાજની જેમ જ આ જાતિમાં પણ પીઠી ચોળવાની વિધિ હોય છે. ઘરની સ્ત્રીઓ વરની પીઠી હળદર સાથે તેલ મેળવી તૈયાર કરે છે અને ગાય છેઃ

**અળદી અળદી રે, અળદીનો છોડ,**
**અળદી રે, મારે દલ લાગી**
**ભોળા લાડણા રે, તમારાં ડિલાં, રંગાવો,**
**અળદી રે મારે દલ લાગી.**

આ ગીતમાં કાવ્યાત્મક છાંટ ઊપસી રહી છે. ત્યાંની સ્ત્રીઓમાં વરરાજાને લગાડાતી હળદરનો રંગ પોતાના હૃદયમાં ઊતરી ગયો હોય તેવા ભાવોની સુંદરતા ઘણી ઉત્તમ પ્રકારની રહી છે. ગીતવિધાન પણ સરસ છે. આમાં હિંસક ભાવોનો પણ અભાવ છે.

આવી વિધિ કન્યાપક્ષમાં પણ થાય છે. આ અંગે પ્રો.ડી.બી.મુનિયા લખે છે કે, સાંજે કન્યાને ઘરના એક ઓરડામાં બેસાડવામાં આવે છે. ત્યારબાદ જ્ઞાતિના પટેલ અને અન્ય વડીલો વિધિ શરૂ કરે છે. કુટુંબની છોકરીઓ કન્યાની આજુબાજુ ગોળ ગોળ ઊભી રહે છે અને કન્યાના માથા ઉપર ધોતી જેવું કપડું ઢાંકવામાં આવે છે. આ કપડાંને ગોળાકારમાં ઊભેલી છોકરીઓ પકડી રાખે છે. કપડાં ઉપર કન્યાના માથાના સ્થળે એક તીર પકડવામાં આવે છે. જેના ઉપર ધીરે ધીરે તેલ નાખવામાં આવે છે. છોકરીઓ ગોળ ગોળ ફરીને ગીત ગાય છેઃ

**ફૂદું ફૂદાની મારી ગયું, ફૂદું રમે સમે રે,**
**ફૂદું લેવું સે કે ઠગવું ફૂદે રમે સમે રે.**

★ ★ ★

**અળદી લે રે લાડલી અળદી કેવીક લાગે સે,**
**અળદી દે રે લાડલી પીળી ને પાંજરી દેખાય સે.**

અહીં પાંજરી એટલે ગોરી સંદર્ભમાં છે. આ ગીત કન્યા અથવા વરને પીઠી લગાડવામાં આવે છે ત્યારે ગવાય છે.

જાન વેવાઇને માંડવે પરણવા જવાની હોય તેની આગલી રાતે પીઠી વગેરે વિધિઓ બાદ સવારે વરરાજાને નવરાવી, વસ્ત્રો સજાવી તેના માથે મુગટ બાંધવામાં આવે છે. અને સૌ સગાઓ વરરાજાને વધાવી વેવાઇના ઘર તરફ જાન લઇને નીકળે છે. ભીલ આદિવાસી સમાજમાં સગપણો મોટે ભાગે એક જ ગામમાં થતાં હોય છે. એટલે જાન માટે વાહન ભાડે કરવાની જરૂર પડતી નથી. જો અન્ય દૂરના ગામમાં સગપણ કર્યું હોય તો જ વાહનની વ્યવસ્થા કરવી પડે છે. જાનમાં આવેલી સ્ત્રીઓ આ પ્રસંગે ગાય છેઃ

**તારા ઘેર બાર કીના રે ભરોસે રે ભાયા**
**તારા કાકા ઘેર રેવાના કેસે રે ભાયા**
**તારા બાબા ઘેર રેવાના કેસે રે ભાયા**

વેવાઇને ત્યાં પહોંચેલી જાનનો ઉતારો પાદરમાં વડલા રે અન્ય કોઇ ઘટાદાર ઝાડવાને છાંયે અપાય છે. જેને આદિવાસીઓ પડાવ કહે છે. જાનમાં આવેલા સ્ત્રી-પુરુષોને નાસ્તા કે જમણ વેવાઇ તરફથી મોકલાતું નથી. કારણ કે જાનૈયાઓ પોતાના ઘેરથી જ રોટલા વગેરે લાવ્યા હોય છે. જોકે, હવે આવું નથી. જાન આવે ત્યારે તેને નાસ્તો અને બપોરે ભોજન અપાય જ છે. અગાઉ આ પ્રથા હતી.

વરકન્યા માઇરામાં આવે છે. પરણવા બેસે છે ત્યારે જાનરડીઓ ગાય છે :

**લાડો પીળો પણજર, લાડો પીળો હેંણે જણાયે ?**
**એની બેને અડદી રોળાવી, એંણે પીળો જણાયે;**
**લાડી કાળી કણજર, લાડી કાળી હેંણે જણાયે ?**
**એની બેને મેંહુ રોળાવી એંણે કાળી જણાયે**

ભીલ સમાજમાં સામાન્ય રીતે લગ્નફેરા ગોર-પુરોહિત ફેરવતાં નથી. પણ બનેવી ફેરવે છે. પરંતુ હવે આર્થિક સદ્ધરતા પ્રાપ્ત થતાં બ્રાહ્મણો દ્વારા મંત્રોચ્ચાર સાથે ફેરા ફેરવવામાં આવે છે. ત્યારે બ્રાહ્મણની પણ ફજેતી કરતાં ફટાણાં ગવાય છેઃ

**બામણ તારું ગોરી જેવડું પેટ, બામણ સટપટિયું**
**ટારાં સૂપડાં જેવા કાન કે બામણ સટપટિયું.**
**ટારું નરિયા જેવું નાક કે બામણ સટપટિયું**
**ટારી વાટકા જેવી આંખ કે બામણ સટપટિયું.**

ગુજરાતી લગ્નગીતોમાં જે લહેકા અને ભાવાકર્ષણ જોવાં મળે છે તે આદિવાસી ગીતોમાં જોવાં મળતાં નથી. બ્રાહ્મણ પછી તરત જ આ જાનડીઓ અણવર બનેલા કન્યાના બનેવીને અડફેટે લે છેઃ

**લાડી તારો અણવર પાસા ફેર, અું તો લાજી મરી,**
**હોટે જોયે તો ખાંડો રે, અું તો લાજી મરી.**
**આથે જોયે તો પાંગળો રે, અું તો લાજી મરી.**
**પોંગે જોયે તો ટૂંટો રે, અું તો લાજી મરી.**
**લાડી તારો અણવર પાસા ફેર, અું તો લાજી મરી.**

બ્રાહ્મણ, અણવર પછી જાનરડીઓ વેવાણની ખબર લઈ નાખે છે. વિનોદ, હાસ્ય કરતું આ ફટાણાં સ્વરૂપનું ગીત જુઓઃ

**હુતરનો ઘડ્યો પાટલો મકદાંડી રે દાંડી રે,**
**આવ રે વેવાણ બેસીએ મકદાંડી રે દાંડી રે.**
**તારાં હાડકાંનો ઘડ્યો પાટલો મકદાંડી રે દાંડી રે**
**બેસતાં પાટલો ભાંઈગો મકદાંડી રે દાંડી રે**
**વેવાણનો આથ ભાંઈગો મકદાંડી રે દાંડી રે**

ફટાણાં જેવાં અશ્લીલતાવાળાં ગીતોમાં વેવાણો તથા વેવાઈઓ નરી બેઆબરૂ થાય તેવાં મશ્કરી-ગીતો જાનરડીઓ ગાતી હોય છે. કારણ કે અહીં તેની જવાબદારી ગીતો ગાવાં પૂરતી જ હોય છે. અન્ય કોઈ કામકાજ તો હોતું નથી. આમાં વેવાણોને બેઆબરૂ કરવાની વૃત્તિ નથી. એમાં માત્ર ગમ્મત જ છે. જુઓ ગીતઃ

**તુરી તુવેર તારાં કરાંઠા વીણાવું રે,**
**તુરી તુવેર તુળીબંધ વેલો.**
**કોણ સે વેવાણ તારી કેટલી ઉંમર રે,**
**તુરી તુવેર તુળીબંધ વેલો**
**કાસી ઉંમરે ભાયે સોટલે ઝાલી રે,**
**તુરી તુવેર તુળીબંધ વેલો**
**સોટલે જોલેલી ભાયે, પસાળી આલેલી રે**
**તુરી તુવેર તુળીબંધ વેલો**

આ જ ગીત અન્ય આદિવાસી જાતિઓમાં પણ ક્યાંક ક્યાંક ગવાય છે. ફટાણાંરૂપનાં ગીતો સાજન-માજનમાં હાસ્ય રેલાવી દેતાં જોઈને જાનરડીઓ ગેલમાં આવી જાય છે. ને બીજું ગીત વેવાણને માથે ઝાપટે છે.

**વેવાણી ઢોરામાં ગેલી, વેવાણી ઢોરોમાં ગેલી,**
**બકરો ખોઈ આવી.**
**રમતો રમવા લાગી, રમતો રમવા લાગી,**
**ગોદો ખોઈ આવી.**
**ટીમરવાં ખાવા લાગી, ટીમરવાં ખાવા લાગી**
**પાડો ખોઈ આવી.**
**વેવાણી ઢોરામાં ગેલી, વેવાણી ઢોરામાં ગેલી**
**બકરો ખોઈ આવી.**

આ ભીલીગીતોમાં જે કુટુંબજીવનનાં ગીતો મળે છે. તેમાંથી પિયર અને સાસરીનું ચિત્ર મોટે ભાગે એકબીજાથી વિરોધી છે. સાસરી તરફ અણગમો અને પિયર તરફનો પક્ષપાત જોવા મળે છે. પિયરનાં ચિત્રમાં કન્યાનાં માતાપિતાને લીલા લીમડા જેવાં, ભરી સભામાં રાજારાણી જેવાં, દયાળુ, હૈયાના હાર જેવાં ભાઈ-ભાઈને તો આકાશના ચમકતા તારલા જેવા, મામા, મામી, કાકા, કાકી બહેનો વગેરેની ભારે પ્રશંસા ગીતોમાં કરવામાં આવે છે.

સાસરિયાનાં ચિત્રમાં સસરાને દારૂડિયો, વનવગડાનો રખડતો રાજા જેવો તથા સાસુને વગડાની રખડતી રાણી, ઘંટીના જેવો ગગડાટ કરનારી તથા જેઠાણીને, દેરાણીને અને નણંદોને અશોભનીય વિશેષણોમાં ગાવામાં આવે છે. જેમ કેઃ

**લીલી નીમળીની સાંયા, તેવી માતાપિતાની માયા,**
**બેન તારે સોડવી પડસે, સાસરે જાવું પડસે.**
**જેવા ઘંટીના ઘઘરાટ, તેવા સાસુના બબળાટ,**
**બેન તારે વેઠવા પડસે, સાસરે જાવું પડસે.**
**જેવી વડોદરાની એસતી, તેવી દિયોરની મસ્તી.**
**બેન તારે વેઠવી પડસે, સાસરે જાવું પડસે.**
**જેવા ભરૂચના ટાવર, તેવા જેઠાણીના પાવર**
**બેન તારે વેઠવા પડસે, સાસરે જાવું પડસે.**

આ ગીત આધુનિક હોવાનું સ્પષ્ટપણે વર્તાઈ


ISSN 0976-9609

આવે છે. પરંપરાગત ગીતો સાથે એને કોઇ જાતનું અનુસંધાન નથી.

પરણેતરાં જ્યારે પૂરાં થાય છે. ત્યારે ગવાતાં ગીતોમાં પણ પિયરિયાં અને સાસરિયાના પરસ્પર વિરોધી ભાવ વ્યક્ત થતા હોય છે. રાજપીપળા પ્રદેશનાં ભીલી ગીતોમાં પિયરિયાનો પ્રત્યાઘાત કેવો છે તેનું ગીતઃ

**બૌવે રઈમા માડીના ખોળે, હવે સાસ નૈં રમાડે**
**આજનો ડાળો રમી લે બેની, કાલ્યે જતાં રેજો.**

રાજપીપળા વિભાગની ભીલ વેવાણને કહેવું પડ્યું છેઃ

**આમા બેની નાનીય છૈ, નાનું બાલકવા,**
**ઝાઝી દમણ દમતી નખું માયલી વેવાણવા**
**મોટું બેડું આપતી નખું માયલી વેવાણવા**

કાવ્યને અનુરૂપ 'છ' નું 'છૈ' અને 'ના' નું 'નખુ' કેવું બંધબેસતું થઇ જાય છે ! વિદાય લઇ રહેલી કન્યાને પોતાની સખીઓ મીઠો ઠપકો આપતાં ગાય છે.ઃ

**ભાયોની વાડી લીલી તમે સૂકી કરી સાયલા બેની**
**દિયોરની વાડી સૂકી તમે લીલી કરવા સાયલા બેની.**

જાનરડીઓ થોડી ચૂપ રહે ? તેમને જલદી જલદી લાડવઈને લઇને જવાની ઉતાવળ હતી. તેથી કન્યાને ઉદ્દેશીને ગાય છે.

**લાળી કર રે ઉતાવળ ઘેર જૈ એ,**
**તારી માળીની માયા મેળ રે લાળી,**
**તારી એકલી સાસુડી વાટ જોવે,**
**તારાં ઢીંગલા ને પોટલાં બાંદ રે લાળી**
**તારી ભાભીની માયા મેલ રે લાળી,**
**લાળી કર રે ઉતાવળ ઘેર જૈએ.**

ગુજરાત હોય કે ગુજરાતની બહાર હોય અથવા વિભિન્ન પ્રાંતોમાં હોય. આ ગીતો પર નજર નાખશું તો તેમાં ભલે ભાષા જુદી હોય, બોલી જુદી હોય. પરંતુ ભાવોની સમાનતા જોવા મળે છે. આપણા દેશની સંસ્કૃતિની આ મુખ્ય લાક્ષણિકતા છે. વિભિન્નતામાં એકતા અને આ એકતા જ ગીતોમાં ભરાઇને બેઠેલી જોઇ શકાય છે. તેમને બોલી કે ભાષાના સીમાડા નડતા નથી. માનવહૃદયની સંવેદનાઓ જ તેમાં ભરાઇ રહી છે.

**સંદર્ભ સાહિત્ય :**


૧. લગ્નગીતઃ એક સ્વાધ્યાય, લેઃ ડો. જયાનંદ જોષી ૧૪૪-૧૫૪-૧૫૬-૧૬૨

૨. એજન, પાનાં ૧૫૫-૭૧

૩. પંચમહાલનાં લોકગીતો, સંકલન : રમેશ પાઠક - પા. ૭-૮-૧૦

૪. ગુજરાત દર્શન, લેઃ ધનવંત ઓઝા પા.૭૬-૭૭-૧૫

૫. પંચમહાલનાં લોકગીતો, પાનાઃ૧૭૨-૧૭૪-૧૮૦-૧૯૫

૬. ડો. જયાનંદ જોષી : (વિશેષ માહિતી-સહયોગ)

૭. દાહોદના ભીલ લગ્ન વ્યવહારો, લેઃ પ્રો.ડી.બી.મુનિયા (આદિલોક) પા.૩૨-૩૩



"સંસ્કૃતિ દર્શન" કાર્યાલય
'અનુરાગ' રતનપરા શેરી-૧,
બાગ દરવાજા, માણાવદર-૩૬૨ ૬૩૦
(જિ. જૂનાગઢ) (મો) ૮૭૩૫૯૦૨૪૨૪


## જીવનના છ નિયમો

- પ્રાર્થના કરતાં પહેલાં તમે વિશ્વાસ રાખો.
- ખર્ચ કરતાં પહેલા પૈસા એ કમાતા શીખો.
- જીવનમાં હારતા પહેલા એક પ્રયત્ન તો કરો.
- બોલતા પહેલાં સાંભળતા શીખો
- કંઇક લખતા પહેલા વિચારતા શીખો
- જીવનમાં મરતાં પહેલાં સારું જીવતા તો શીખો.

॥ પ્રેરક ॥

## અપેક્ષાઓની વચાળે

**ઈશ્વરભાઈ વાઘેલા**

સરસ મજાનો વરસાદ પડી રહ્યો હતો. ચારેબાજુ લીલોતરી છવાઇ ગઇ હતી. વાતાવરણની આહ્‌લાદકતા અનુભવાતી હતી. હું વરસાદને માણવા નીકળી પડ્યો હતો. ત્યાં જ રસ્તામાં નોકરી પર જતા એક ભાઇ મળ્યા. મને કહે, ‘આ વરસાદ અત્યારે રહી જતો હોય તો કેવું ? નોકરીએ જવાના સમયે જ શરૂ થઇ જાય છે.’ હું તો તેમની વાત સાંભળી મનમાં હસતો હસતો આગળ ચાલવા લાગ્યો. આગળ જતાં એક મકાનનું ધાબું ભરવાની તૈયારી ચાલતી હતી. કોન્ટ્રાક્ટર ધોધમાર વરસાદને કારણે મૂંઝવણમાં હતો. હું તેમની પાસે ગયો. મને જોઇને તરત તેઓ કહેવા લાગ્યા, ‘આ વરસાદ આજનો દિવસ રહી જાય તો સારું. રાત્રે પડે તો પણ વાંધો નહીં. જુઓને બે દિવસથી મારો પ્લાન બગાડે છે.’ તેમની વાત સાંભળીને પણ હસવું આવ્યું. હસતાં હસતાં હસતાં જ આગળ ગયો ત્યા જ સામે એક બહેન મળ્યા. તે તો વળી એકદમ નિરાશ વદને કહેવા લાગ્યા. ‘જુઓને બે દિવસથી આ વરસાદ વરસ્યા કરે છે. શાકભાજી મોંઘી થઇ ગઇ છે. જે જોઇએ તે મેળવવું અઘરું પડે છે. બાળકોને શાળામાં જવાનું પણ કપરું પડે છે. ઘરમાં પણ વ્યવસ્થા જળવાતી નથી. હવે તો બંધ થઇ જાય તો સારું’ અને હું જેમ જેમ આગળ વધતો ગયો તેમ તેમ જુદા જુદાં માણસોએ વરસાદ વિશે જુદી જુદી વાતો કરી. મને હસવું આવ્યું અને બીજી બાજુ નજર કરી તો પશુઓ, પક્ષીઓ, વૃક્ષો, નદીઓ વગેરે વર્ષાની જલધારામાં નર્તન કરતાં લાગ્યા. પ્રકૃતિનું સૌંદર્ય ખીલી ઊઠ્યું હતું. ત્યારે આ માણસ પોતાની અપેક્ષાઓની ધમાચકડીમાં જ લાગેલો લાગ્યો. જો માણસનું ચાલે તો તે આ વરસાદનું ય ટાઇમટેબલ બનાવે. પણ સમજે નહીં કે બધા પોતપોતાની અપેક્ષા મુજબ જ વરસાદનું ટાઇમટેબલ બનાવે તો વરસાદ કોને આધીન થાય !

માણસ એટલે અપેક્ષાઓનું પોટલું ! માણસ જીવનભર એક અપેક્ષા પરથી બીજી અપેક્ષા પર ઠેકડા મારતો રહે છે. પગે ચાલતો હતો ત્યાં સાયકલની અપેક્ષા હતી. તે પૂરી થઇ ત્યાં સ્કૂટરની-હોન્ડાની અપેક્ષા જાગી. તે પૂરી થઇ ત્યાં તો ગાડી (કાર) ની અપેક્ષા ચાલી. આમ એક અપેક્ષા પૂરી થાય ત્યાં બીજી શરૂ. માણસ ભમરા જેવો જ લાગે. ભમરો સતત ભમતો રહે છે. એક ફૂલ પર બેસે છે. ત્યારે ઘડીભર તેનો ફફડાટ થંભી જાય છે. એમ લાગે છે કે તેની અપેક્ષા પૂરી થઇ પણ ક્ષણભરમાં તો ભમરો અપેક્ષાના બીજા ફૂલ પર જઇને બેસે છે.માણસ પણ ભમરાની જેમ જ એક અપેક્ષા પૂરી થાય ત્યાં થોડો સમય હાશ અનુભવે. પણ પુનઃ બીજી અપેક્ષામાં તણાય. અને તેમ એક પછી એક એવી અનેક અપેક્ષાઓમાં તણાતો જ રહે છે. અપેક્ષાઓમાં ને અપેક્ષાઓમાં જીવન ક્યાં પૂરું થઇ જાય છે. તેની પણ તેને ખબર પડતી નથી. ખરેખર માણસની અપેક્ષાઓ શ્રાવણ માસમાં પણ ઉપવાસ કરતી નથી. ઉપવાસ કરનારો પણ અપેક્ષાની સિદ્ધિ માટે જ ઉપવાસ કરતો હોય છે.

માણસ પોતે તો અપેક્ષા રાખે પણ અન્ય પાસે પણ અપેક્ષાઓ રાખે જ. ગૃહિણી કામવાળી પાસે મનના અક્ષયપાત્રમાં એવી તો અપેક્ષાઓ ભરી રાખે છે કે કોઇ દિવસ કોઇ પણ કામવાળી ગૃહિણીને સંતોષ આપી શકતી નથી. પતિ પોતાની પત્ની પાસે સીતા સમાન અપેક્ષા રાખે. ગમે તેવો માણસ પોતાના વેવાઇમાં ભક્તજનનાં લક્ષણોની અપેક્ષા રાખે. શાળાનો ટ્રસ્ટી આચાર્ય અને વિનોબા ભાવેની વ્યાખ્યા પ્રમાણેની અપેક્ષા રાખે. આચાર્ય શિક્ષકો પાસે અને શિક્ષકો વિદ્યાર્થી પાસે ઘણી ચઢિયાતી અપેક્ષાઓ રાખે છે. આમ દરેક માણસ પોતાના પરિસરમાં આવતા માણસો પાસે અપેક્ષા રાખે છે. પણ અન્ય માટે પોતાની ફરજ કઇ છે તે સમજતો નથી ! તે જ રીતે અન્ય તેની પાસેથી અપેક્ષા રાખે છે તે જાણે છે ખરો ? અન્ય પાસે જેવી અપેક્ષા રાખે છે, તેવી અપેક્ષા તે અન્ય માટે પોતાની પણ છે. તે સમજે છે ખરો ? દા.ત. કોઇ માણસ પોતાના પરિસરમાં આવતા પોતીકા પાસે પ્રામાણિકતાની અપેક્ષા રાખે પણ પોતે પ્રામાણિક છે ખરો ? આ વિચાર જો થાય તો દુનિયા પર શાંતિ પથરાય. પણ તેમ થતું નથી. આમ ન થવાને કારણે અપેક્ષા રૂપી બે વાહનો વચ્ચે અકસ્માત સર્જાય છે. અપેક્ષા સંદર્ભે જે ખેલ ખેલાય છે તે જોવા જેવા બની રહે છે.


ISSN 0976-9609

માણસની અપેક્ષા સ્વાર્થ સાથે સંકળાયેલી છે. સ્વાર્થ છે ત્યાં અપેક્ષા છે. માણસને પગે ચાલવું નથી. એટલે સ્કૂટર-ગાડીની અપેક્ષા છે. માણસને સાદું ખાવું નથી એટલે વિવિધ વાનગીની અપેક્ષા છે. માણસને એકસરખા કપડાં પહેરવા નથી એટલે વિવિધ પ્રકારનાં કપડાંની અપેક્ષા છે. આમ માણસ પોતાના અનેક પ્રકારના સ્વાર્થ સંતોષવા અને તેની સાથે પોતાનો અહમ સંતોષવા પણ અપેક્ષાઓના ઘોડે ચડી કેટલીકવાર નીચે ફેંકાઇ જાય છે તો વળી કેટલીકવાર સડસડાટ ચઢાણ ચડી પણ જાય છે. ખરેખર અપેક્ષા માણસને હડકાયા કૂતરાની જેમ દોડાવે જ રાખે છે.

અપેક્ષા આજના માણસમાં જ છે તેવું નથી. માણસ જ્યારે ઉદ્ભવ્યો ત્યારથી અપેક્ષાઓ પણ ઉદ્ભવેલી છે. હિરણ્યકશ્યપે અમર બનવાની અપેક્ષાએ તપ કરીને કોઇનાથી તેનું મૃત્યુ ન થાય તેવું વરદાન મેળવ્યું હતું. રાવણે પણ પોતાના સ્વાર્થ માટે અપેક્ષાઓ સિદ્ધ કરવા માટે મોટા ભાગના તપ કર્યા હતાં. યયાતિ રાજાએ પોતાની યુવાની ટકાવવાની અપેક્ષાએ પુત્રની યુવાની માંગી લીધી હતી. આવા તો અનેક ઉદાહરણો પ્રાચીનકાળમાંથી મળે તેમ છે. વર્તમાનરૂપે તો ડગલેને પગલે અપેક્ષાની ભરમારમાં ભમતા માનવો જોવા મળે છે. સવારમાં ઊઠે ત્યારથી શરૂ કરી રાત્રે ટકાય ત્યાં સુધી અપેક્ષાઓ પાછળ દોડ્યા કરતો માણસ જોવા મળે છે. કેટલાંકને તો રાત્રે ઊંઘમાં પણ અપેક્ષાના ઘોડા દોડતાં દેખાતા હોય છે.

માણસે અપેક્ષાઓ રાખવી જોઇએ પણ પોતાની શક્તિ અનુસારની અપેક્ષા સેવે ત્યાં સુધી વાંધો નથી. જો તે શક્તિ બહારની અપેક્ષાઓ સેવે ત્યારે દુઃખોની શરૂઆત થાય છે. એક જમીનદારને ત્યાં અનેક નોકરો કામ કરતા હતા. એક દિવસ જમીનદારે નોકરોને કહ્યું, કાલે સવારથી સૂર્ય આથમે ત્યાં સુધી જેટલી જમીનમાં દોડે તેટલી જમીન તેની. બધા નોકરો સંતોષી હતા. એક જ નોકરની અપેક્ષા હતી કે આપણે તો દોડીને જમીન લઇ લેવી જ. અને સવારથી ખાધાપીધા વિના દોડ્યા જ કર્યો. વધારે જમીન મેળવવાની અપેક્ષાએ થાક ખાવા પણ ઊભો ન રહ્યો. બસ દોડ્યા જ કર્યો. સૂર્ય આથમવાની ક્ષણે જ તે ચક્કર ખાઇને પડ્યો અને મૃત્યુ પામ્યો. મૃત્યુ સમયે ફક્ત છ ફૂટની જમીનની તેને જરૂર પડી. આમ મોટી અપેક્ષા રાખવાથી દુઃખો વધે છે. છેવટે જીવનમાંથી રસ-કસ ઊડી જાય છે. અને ભૂતાવળાની જેમ ભટક્યા કરવું પડે છે. અપેક્ષા છે તો જીવન છે. તેમ કહી શકાય પણ અપેક્ષા અસંતોષ પેદા કરે તેવી ન હોવી જોઇએ. જેને અપેક્ષા ન હોય તે શાંતિથી રહી શકે. પણ જો તે આળસુ થઇને કંઇ જ ન કરે તો જે છે તે પણ ગુમાવે. અપેક્ષા ક્રિયાશીલતા વધારી વિકાસ તરફ લઇ જાય છે. એટલે અપેક્ષાઓ તો હોવી જ જોઇએ પણ શક્તિ બહારની બહુ જ ઊંચી, અયોગ્ય અપેક્ષાઓ ન હોવી જોઇએ. વ્યક્તિને ભરખી જાય તેવી અપેક્ષા રાખવી ન જોઇએ. અપેક્ષા ફળીભૂત થાય તેવી હોય તો તે પ્રગતિના પંથે લઇ જાય.

---


નિવૃત્ત એસો.પ્રોફેસર
૧૦, વૃંદાવન બંગ્લોઝ, ધારાનગરી રોડ,
વલ્લભ વિદ્યાનગર, તા.જિ.આણંદ
(મો) ૭૭૭૮૦૬૯૨૩૫


---

## ॥ વિદ્યાવૃત્ત ॥

**ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર :** ચારુતર વિદ્યામંડળના ભૂતપૂર્વ અધ્યક્ષ અને ન્યૂ વલ્લભ વિદ્યાનગરના સ્થાપક સ્વ.ડો.સી.એલ.પટેલની જન્મ-જયંતિ નિમિત્તે તા. ૧૦-૪-૨૦૨૩ ને સોમવારના રોજ સવારે ૧૦ કલાકે ન્યૂ વલ્લભ વિદ્યાનગર ખાતે તેઓ જ્યાં બેસતા હતા તે મઢુલીમાં તેઓનું તૈલચિત્ર મૂકવામાં આવેલ છે. ત્યાં પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિ.ભીખુભાઇ બી. પટેલ, માનદ્ સહમંત્રીશ્રીઓ શ્રી રમેશ તલાટી, શ્રી વિશાલ એચ. પટેલ. સીવીએમ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો.હિમાંશુ સોની તથા ઇન્ચાર્જ રજિસ્ટ્રાર સુશ્રી અગ્નેશ્વરી અઢીયા, સુશ્રી વિનોદિનીબેન બી. પટેલ, કોલેજના આચાર્યશ્રીઓ/વડાશ્રીઓ, ચારુતર વિદ્યામંડળના કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા અને પૂ.ડો.સી.એલ. પટેલને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

॥ પ્રવાસ-નિબંધ ॥

## શાકુરા વૃક્ષોની છાયામાં - જાપાનમાં

ડંકેશ ઓઝા

આપણે ત્યાં કહેવાયું છે કે 'જીવ્યાં કરતાં જોયું ભલું' એટલે કે જગત જોવાનો પ્રયત્ન માણસે કરતાં રહેવો જોઇએ. જુદા જુદા પ્રકારના લોકો, સ્થળો, સંસ્કૃતિઓ, પરંપરાઓ, સંસ્કાર, રહન-સહનની પદ્ધતિઓ વગેરે વિશે તો જ જાણવા મળે.

અમે ૨૮ માર્ચથી ૯ મી એપ્રિલ દરમ્યાન જાપાનના પ્રવાસે ફલેમીંગોની ચેરીબ્લોઝમ ટૂરમાં જઇ આવ્યાં. આ સમય ચેરી વૃક્ષોનાં ફૂલો ખીલવાનો છે. આખા જાપાનમાં ઠેર ઠેર આ વૃક્ષોનો દબદબો આ ઋતુમાં માણવા મળે છે. ત્યાંના લોકો એને 'શાકુરા' વૃક્ષો કહે છે. એમની સંસ્કૃતિમાં આ વૃક્ષોનું આગવું મહત્ત્વ છે. અમે પણ એ નજારો ભરપૂર માણ્યો.

જાપાને આપણને લાંબા ગાળાની વ્યાજમુક્ત લોનથી બુલેટ ટ્રેન આપી છે. પ્રવાસ દરમ્યાન અમે પણ તેમાં બે વખત બેઠાં. બેસતાં પૂર્વેનો રોમાંચ કંઇ લાંબુ ટક્યો નહિ. કારણ માત્ર એટલું જ હતું કે 'શિન્કાનસન' તરીકે ત્યાંની ભાષામાં ઓળખાતી આ હાઇસ્પીડ ટ્રેન માત્ર ૨૫૦ કી.મી.ની ઝડપે ચાલી રહી હતી. આપણે ત્યાં હજુ તો એ પ્રોજેક્ટ ચાલી રહ્યો છે અને લોકોના મનમાં ઘણો ઘણો રોમાંચ છે. ત્યાંથી વ્યવસ્થા, ગાડીની સ્થિતિ વગેરે આપણાથી સારાં હોય એ તો સ્વાભાવિક હતું.

જાપાનને આપણે બધા 'ઊગતા સૂર્યના દેશ' તરીકે ઓળખી છીએ. સવારમાં સાડા ચાર-પાંચ વાગે ત્યાં અજવાળું થઇ જતું હતું પણ તેથી કરીને ત્યાં દિવસનું કામ કંઇ વહેલું શરૂ થતું ન જોયું. જાપાન જ્વાળામુખીના પર્વતોનો દેશ છે. માઉન્ટ રોકો પર જઇને ઠેકઠેકાણે નીકળતા સલ્ફરના ધુમાડા પણ જોયા. માઉન્ટ ફ્યુઝી અને તેનું દર્શન અહીંના લોકો માટે પવિત્ર મનાય છે. એના લેવલ ત્રણ સુધી જઇને તેને જોવાનો પ્રયત્ન કર્યો. શિયાળામાં ત્યાં બરફ જ બરફ જ હોય છે. એપ્રિલની શરૂઆતમાં પણ અમે બરફના ગચ્ચાં દબાઇને ક્યાંક ક્યાંક પડેલાં જોયાં.

જાપાનની ધરતી અવાર-નવાર ધ્રૂજી ઊઠે એવી છે. એટલે કે વારંવાર ધરતીકંપ થાય એવો આ પ્રદેશ છે. તેમ છતાં ત્યાં ઊંચી ઇમારતો, સુંદર રસ્તાઓ, સંખ્યાબંધ પુલો અને અસંખ્ય બોગદાં છે. જેમને ડિઝાઇનમાં રસ હોય એવા લોકોએ અચૂક જાપાનની મુલાકાત લેવી જોઇએ એમ મને લાગ્યું છે. ધરતીકંપ સામે ટકી શકે એવી સાવચેતીઓ અંગેના નિયમો સરકારે તૈયાર કર્યા છે, તે મુજબ બાંધકામ થાય છે. એટલે અમે ક્યાંય કોઇ પડી ગયેલું મકાન કે તિરાડોવાળી ઇમારતો ન જોઇ. નસીબ સારું કે અમને તો પ્રવાસ દરમ્યાન ખબર જ ન પડી કે અમે ધરતીકંપ થઇ શકે અને થાય છે એવા વિસ્તારમાં ફરી રહ્યા છીએ !

પ્રાચીન જાપાન સામ્રાજ્યવાદી અને વિસ્તારવાદી હતું. એની વૃત્તિ આજુબાજુના પ્રદેશો યુદ્ધ કરીને હડપ કરી લેવાની હતી. નાના દેશો તો ઠીક પણ ચીન-રશિયા સાથે પણ તેણે યુદ્ધો કરેલાં અને વિજય મેળવેલો. ત્યારે ભારતના લોકો જોરમાં આવી ગયેલા કે જાપાન જો ચીન-રશિયાને હરાવી શકે તો ભારત ઇંગ્લેન્ડ સામે તો જીતી જ શકે ! એ સમયગાળો ૧૯૦૫ નો હતો.અંગ્રેજોએ એ માહોલ સમજીને જ બંગાળના ભાગલા કરેલા. ત્યારે બંગભંગ વિરુદ્ધની ચળવળ ઊભી થયેલી.

હીરોશીમા અને નાગાશાકી બે જાપાનના મુખ્ય શહેરો જેના પર બે-ચાર દિવસના અંતરે ઓગષ્ટ ૧૯૪૫માં અમેરિકાએ બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન અણુબોમ્બ ફેકેંલા. આ પૂર્વે જાપાને અમેરિકાના તાબાના બંદર પર્વતારોહકો પર અચાનક હુમલો કરી જીત મેળવેલી. પરિણામ બહુ સારું ન આવ્યું. અણુબોમ્બ વેઠ્યા પછી જાપાનને અમેરિકાની શરણાગતિ સ્વીકારવી પડેલી !

અમે બોમ્બવર્ષામાં ભગ્ન બનેલી એક ઇમારત, જે સ્મૃતિરૂપે જાળવવામાં આવી છે, તે જોઇ. આવી ભયંકર હિંસાની દુઃખદ યાદ સમાવતું વિશાળ મ્યુઝિયમ પણ જોયું. પથ્થર હૃદયના હોય તો તેને પણ પીગળાવી દે એવી તસ્વીરો, વિગતો, હકીકતો, સ્મૃતિઓ તેમાં સચવાયેલી છે.

જાપાન આજે શાંતિવાદી દેશ ગણાય છે.



ISSN 0976-9609

પોતે ઉદ્યોગ અને ટેક્નોલોજી ઉપરાંત સંરક્ષણક્ષેત્રે પણ સક્ષમ હોવા છતાં મોટું લશ્કર રાખતો નથી કે અણુબોમ્બ ધરાવતો નથી. ત્યાંથી પ્રજા અત્યંત કર્મઠ, નિષ્ઠાવાળી અને કાર્યદક્ષ ગણાય છે. દેશાભિમાન તો તેમની પાસેથી શીખવું પડે. દેશ-વિદેશના પ્રવાસીઓ જાપાનમાં આવતા રહે છે. છતાં અહીંના લોકો બહુ ઓછું અંગ્રેજી જાણે છે. પરિણામે પુષ્કળ મુશ્કેલીઓ સંવાદની ઊભી થાય છે. ગુજરાતી અને ભારતીય ભોજન પીરસનારા રેસ્ટોરાં મળી આવે છે. એટલે એ બાબત ચિંતાનો વિષય નથી (જો કે અમે તો રસોઇયા સાથેની ટૂરમાં ગયાં હતાં)

જાપાનમાં જૂના કિલ્લાઓ છે, શાહી મહેલ છે, સંગ્રહાલયો છે, શિન્ટો અને બૌધ્ધ ધર્મના સ્થાનકો છે અને ચૌદ જેટલી યુનેસ્કોએ જાહેર કરેલી હેરિટેજ સાઇટ્સ પણ છે. ત્યાંના મોટા પાર્ક અને તેમાં થતી રોશની આહ્‌લાદક છે. પ્રવાસીને નાતે અમે દરિયાઇ ક્રૂઝમાં બેઠાં, કેબલકારમાં બેસી ઉપર ગયાં અને વોટર કેનાલમાં નૌકાવિહાર પણ કર્યો. કોબેમાં એક જૈન મંદિર છે તેની પણ મુલાકાત લીધી.

જાપાન પશ્ચિમી દેશો કરતાં કોઇ બાબતમાં સહેજ પણ ઊતરતું નથી. પબ્લિક ટોયલેટ્સ જેને અહીં વોશરૂમ્સ કહે છે તે પણ વિપુલ માત્રામાં છે. કોઇક શહેરમાં તો અમે ટ્રામ પણ ફરતી જોઇ. મેટ્રો અને રેલ્વેની જાળ (નેટવર્ક) વિશાળ છે. ઇલેક્ટ્રોનિક ઉદ્યોગમાં જાપાનની કંપનીઓ સરસાઇ ભોગવે છે અને ઓટોમોબાઇલ ઉદ્યોગમાં તે બેજોડ છે. તે આપણે જાણીએ છીએ.

જાપાન પાસેથી આપણે શું શીખી શકીએ ? સૌથી પહેલા તો સફાઇ, સમયપાલન અને કાર્યનિષ્ઠા. આપણામાં આ ત્રણેય આવતાં નથી, તેથી દેશ બદનામ થાય છે. કુદરતને પૂજવાની સાથોસાથ તેની સામે સંઘર્ષ કરીને જાપાન અડીખમ ઊભું છે. હજારો ટાપુઓ ધરાવતા પ્રશાન્ત મહાસાગરમાં આવેલો આ ટાપુ અનેક રીતે રમણીય છે. ઓસાકા એરપોર્ટ જમીનના અભાવે દરિયા પર તૈયાર કરવામાં આવ્યું છે. ત્રણ દાયકાથી એ કાર્યરત છે. પરંપરા અને આધુનિકતાનો સમન્વય કરતાં જાપાનને સારું આવડે છે. જૂના અને શાશ્વતમૂલ્યોને વળગી રહેવામાં તે ગૌરવ અનુભવે છે. પશ્ચિમનો અમેરિકી પવન ત્યાં ન ફૂંકાયો હોય એવું તો ક્યાંથી બને ? જાપાન પોતાની મર્યાદાઓ અને શક્તિ સાથે એનો સામનો કરી રહ્યું છે.

અમને ખૂબ આશ્ચર્ય એ છે કે સ્ટ્રોબરીના ફાર્મ સુધી અમે ગ્રામીણ જાપાનમાં ગયાં છતાં ક્યાંય દૂર-સુદૂર પણ પ્રાણીઓ કે પંખીઓ જોવા ન મળ્યાં. માત્ર આપણાં પરિચિત કબૂતર-કાગડા ક્યાંક ક્યાંક નજરે પડ્યાં. જાપાન જાણવા-માણવા જેવો દેશ છે.

૬, સ્વાગત સીટી, મુ.પો. અડાલજ-૩૮૨૪૨૧,
(મો) ૯૭૨૫૦૨૮૨૭૪

**॥ વિદ્યાવૃત્ત ॥**

**ગો.જો.શારદા મંદિર (માધ્યમિક વિભાગ)ની વિદ્યાર્થિનીઓ માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં મેરિટમાં આવી**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો.જો. શારદા મંદિરની ત્રણ વિદ્યાર્થિનીઓએ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાયેલ માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં શ્રેષ્ઠ ગુણાંક મેળવીને ઉત્તીર્ણ થઇ મેરિટમાં સ્થાન મેળવીને શાળાનું ગૌરવ વધારેલ છે. દરેકને સરકારશ્રી તરફથી ૧૦૦૦/-રૂા. શિષ્યવૃત્તિ મળવાપાત્ર છે. જેમાં કૃપા જાગૃતકુમાર પટેલ આણંદ જિલ્લામાં ચતુર્થ સ્થાન તથા આણંદ તાલુકામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. સાક્ષી શ્રેયસકુમાર પટેલે આણંદ તાલુકામાં છઠ્ઠો ક્રમ અને પ્રાંજલ નિતિનકુમાર પીઠડિયાએ આણંદ તાલુકામાં સાતમો ક્રમ પ્રાપ્ત કરેલ છે. પરીક્ષા આપવા માટે શાળાના શિક્ષક શ્રી નવીનભાઇ બરંડાએ વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન અને પ્રોત્સાહન આપ્યું હતું.

તેઓને ઉજ્જવળ સિદ્ધિ બદલ ચા.વિ.મંડળના ચેરમેનશ્રી ભીખુભાઇ બી. પટેલ, વાઇસ ચેરમેન મનીષભાઇ પટેલ, મંત્રીશ્રી ડો.એસ.જી.પટેલ તથા શાળાના ઇન્ચાર્જ આચાર્યા કેતનાબેન પરમારે અભિનંદન પાઠવી આનંદની લાગણી વ્યક્ત કરી છે. તથા શાળા પરિવાર ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી છે.

॥ ચરોતરની લોકવાર્તા ॥

# એક અહંકારી મોચીની વાત

સંકલન : ચતુર પટેલ

પાંચેક હજારની વસ્તીવાળું એક ગામ. આ ગામ પાછું એક જાણીતા શહેરની નજીક. આ ગામમાં ઉજળિયાતોની વસ્તીનું પ્રમાણ ત્રીસેક ટકાનું. જેમાં કડવા પટેલો, વાણિયા, બ્રાહ્મણો, બારોટ વગેરે. જ્યારે બાકીની વસ્તીમાં ચાલીસ ટકા દરબારોનાં ઘરો અને બાકીના વધેલા ત્રીસ ટકામાં દરજી, મોચી, સુથાર, લુહાર, બારૈયા, રબારી, હરિજન, ચમાર, વણકર અને બે પાંચ ઘરો સલાટનાં અને ખાસ્સાં પચાસેક ઘરો દેવીપૂજકોનાં.

એક એવી વાયકા હતી કે આ ગામમાં વસનાર વ્યક્તિ કોઈ પણ જ્ઞાતિનો હોય, કદાચ હાથેપગે હોય કે મજૂરી કરનાર ઉભ્ભડ હોય, સૌ પોતપોતાની રીતે સુખી હોય. બહુ ખણખોદ કરતાં એવી ખબર પડેલ કે એક અલગારી મોટા સંત-માત્મા; સોએક વરસો પહેલાં, ફરતે ફરતે આ ગામમાં આવેલા. ગામની ઉગમણી કોર, મોટું તળાવ, ને ગોચર. ગોચરની જગ્યા ઘણી મોટી. તળાવના કિનારે વડનાં બેચાર તોતિંગ ઘટાદાર વૃક્ષો. પહેલાનાં જમાનામાં ગમે તે ગામની મુલાકાત લ્યો. તો તમને ગામમાં, નાના મોટા વડ, પીપર, પીપળો, કે લીમડાનાં વૃક્ષો અવશ્ય જોવા મળે.

આ ગામમાં વડનાં ત્રણ મોટા વૃક્ષોની ઘટા વચ્ચે ભોળાશંભુનું દેરું. આ મા'દેવજીનું નામ 'મનકામેશ્વર'. પેલા સંતે આ વડ નીચે ત્રિશૂળ રોપી પડાવ નાખ્યો. આ મા'દેવની પૂજા કરવા સવાર-સાંજ કોક કિરપાશંકર બ્રાહ્મણ નિત આવે. ગામ આ પૂજારીને, સેવા-પૂજા દીવો-દશી કરવાનું મહેનતાણું આપે. શ્રાવણ માસના છેલ્લા સોમવારે અહીં મોટો મેળો ભરાય.

આ લંગોટ અને ત્રિપુંડધારી મહારાજને એકાદ વરસના વસવાટ પછી રક્તપિતનો રોગ, હાથે-પગે લાગુ પડ્યો. બેએક વરસમાં તો, હાથપગનાં આંગળામાંથી ગંધાતું પરુ વહેવા માંડ્યું. આંગળીઓ ખરવા માંડી. પસવાળા ભાગમાંથી માથું ફાટી જાય એટલી ગંધ મારે. ગામમાં એક વૈદ્યરાજ રહે. આ સાધુબાપાના એક અડંગ સેવક રાંમદા પટેલ અને એક બારૈયા કોમનો અમરસંગ. આ બેય બાપજીના ઘા રોજ ધોવે, સાફ કરે, વૈદ્યે આપેલ દવા ચોપડે, ઉકાળા પાય, લગભગ ત્રણેક વરસની લાગલગાટ સેવા ને દવાદારૂ આપ્યા પછી સંતને સારું થઈ ગયું અને એક રાતે ગામના લોકોની સભા ભરી એવા આશીર્વાદ આપ્યા કે 'આ ગામમાં રહેતું સૌ કોઈ એ પછી ગરીબ હોય કે તવંગર, બધાય ખૂબ સુખી રહેશે. કોઈ ભૂખ્યો નઈ રહે. આ ગામમાં ક્યારેય દુકાળ નહીં પડે, આપસમાં ઝઘડો નઈ થાય અને અને જ્યાં સુધી લોક સંપીને રહેશે અને પૂરી આસ્થાથી મનકામેશ્વર મા'દેવની પૂજા કરશે. તઈ લગી ગામ સુખી થશે. ધન-ધાનથી ભરપૂર રહેશે.'

એ રાતના લોકોએ ઉત્સવ મનાવ્યો. પરંતુ બીજા દિવસે સવારે ગામ આખાને ખબર મળી કે એ સંત ગાયબ થઈ ગયા છે અને આ ગામ છોડીને નીકળી ગયા છે.

આ ગામમાં મોચીઓનાં ખાસ્સાં ત્રીસેક જેટલાં ઘર. આ બધા મોચીઓ, એ જમાનામાં દેશી ચામડાંનાં ચંપલો, સપાટો, વાધરીવાળા જોડા, મોજડીઓ, એડીવાળાં પગરખાં બનાવે. એ અરસામાં આજની જેમ ક્રૂમ કે ફોમ લેધર કે રંગીન ચામડાં મળતાં નહીં. અહીંના કારીગરોનાં પગરખાં, સપાટો, ચંપલા, જોડાં ફરતાં ગામોમાં પ્રખ્યાત. જોડાનું સિલાઈકામ એવું કરે કે પહેરનાર થાકી જાય પણ પગરખાં તૂટવાનું નામ ના લે. એ સમામાં આ ગામના મોચી અને ચમારોની જુગલબંધી એવી હતી કે તેમણે ચાડમા ઉપર કુદરતી વનસ્પતિજન્ય લાલ, પીળો, કાળો કે ભૂખરો રંગ ચઢાવવાની આછી-પાતળી શોધ કરેલી.

મને યાદ છે કે મારા ગામમાં ચમારવાસ હતો. ત્યારે ગામમાં ગાયો, ભેંસો, બળદો, ઘેટાં-બકરાં પાળવાનો મહિમા. કોઈ પણ જાનવર મરી જાય. એટલે ગામના ચમારો એ મરેલ જાનવરને



ISSN 0976-9609

ગાડામાં નાખીને ખેંચી, અમારા ગામના ચરામાં લઈ જાય ત્યાં ચામડું ઉતારી લે. આ મરેલા ઢોરના ચામડા પર ઘણી રૂંવાટી હોય, ભેંસ, ઘેટાં, બકરાંના ચામડા પર કાળા... કે ઘોળા-ભૂખરી જાડા, મોટા વાળનો જથ્થો હોય. આ વાળ ખેરવી નાખવા પડે.

આ ચમારો, ઢોરના પોલા શિંગડાને અડધેથી કાપી નાખે. એ વળાંકવાળું હોય. પાતળો છેડો બંધ હોય. એના બેય છેડા એક વાધરીથી બાંધે અને કાંડે લટકાવી ચરામાં જાય. જોડે વાંસની વાંકી કઠણ નક્કર દંડી હોય. આ ચમારો એ રૂંવાટી કે વાળ ખેરવવા, આંકડાના દૂધનો ઉપયોગ કરે. એ વખતે અને આજેય ચરામાં આકડાનાં ઝુંડ ઘણી સંખ્યામાં જોવા મળે. આ કુશળ ચમાર આકડાની ડાળખીની ટોચ - શિંગડાના પોલા ભાગ પર મૂકી એને ડંડીથી ખૂંદે અને ડાળખીમાંથી વહેલું આંકડાનું દૂધ એકઠું કરે. બપોર સુધીમાં તો ખાસ્સું અડધો-પોણો શેર દૂધ એકઠું થઈ જતું. આમાં કદાચ આંગળું પાણી ઉમેરતા હશે. પછી આ દૂધ, રૂંવાટીવાળા ભાગ પર ચોપડી દે અને એકાદ બે દિવસ વાળીને મૂકી રાખે. એટલે બધી રૂંવાટી કે વાળ ખરી પડે.

આ પ્રક્રિયા પૂરી થયા પછી આ ચામડાને, કુંડમાં પાણી ભર્યું હોય. એમાં દેશી બાવળિયાની લાલાશ પડતી છાલ, એનો સાવ ભૂક્કો કરી પાણીમાં નાખે. બાવળિયાની એ છાલમાં તાલ-ગેરુઆ કે તપખીરિયા રંગનું 'ટેનીન' નામનું કુદરતી પિગમેન્ટ હોય છે. આમાં ચામડું નાખે અને પાંચ-છ દિવસ એ પાણીમાં ડૂબાડી રાખે. રોજ સવાર-સાંજ આ ચામડાને ઉપર તળે કરે.

આ પ્રક્રિયાને ચામડું પકવવાની રીત કહે. અઠવાડિયા પછી આ ચામડામાંથી ગંધ જતી રહે. વળી, થોડો આછો પાતળો રંગ ચઢી જાય. ઘણી ફેરા આ આછા રંગવાળા ચામડાને હળદરવાળા પાણીમાં, કે બીજા કુદરતી ફળોના રંગમાં નાખતાં. વિવિધ રંગનું ચામડું મળે. દેશી ભાષામાં ચામડું કમાવવાના નામથી ઓળખાતું આ બધું મારા વડવાઓએ કરેલી વાતોનું અનુમાન છે. ક્યાંય વિગતદોષ હોય તો ક્ષમા કરશો.

આ ગામમાં એક વડીલ મોચી હતો. આપણે સુગમતા ખાતર એને જેઠા મોચીના નામથી ઓળખીએ. આ જેઠો મોચી તમામ પ્રકારનાં પગરખાંનો કુશળ અને કાબેલ કારીગર. ફરતા ગાળામાં એનાં બનાવેલા પગરખાં પહેરવા લોકોની લાઇન લાગે. પડાપડી કરે. એનાં માપ પ્રમાણે સીવેલા બૂટ, ચંપલ, મોજડી, સપાટો, ઊંચી એડીનાં જોડાં પહેરનારના પગમાં ચપોચપ બેસે. પહેરનારને મજા પડે. પગે ક્યાંય નડે નઈ અને પગમાં અદ્ભુત ફીટ બેસી જાય. વળી એટલાં જ હલકાં હોય. પહેરનાર છગછગાવીને દોટ મૂકી શકે. દોડી શકે, થાકયા વગર.

આ જેઠાને પાંચ છોકરા ને ત્રણ છોડીઓ. પાંચે દીકરા જોડા સીવવામાં પાવરધા. એમાંય વચેટ કાન્ત્યો તો, બાપથીય ચાર ચાસણી ચઢે એવો. ભાત-ભાતની ડિઝાઇનના જોડા-ચંપલ બનાવે. લાંબી ચાંચવાળા, પહોળા, મોંવાળા, ચંપલોના શેપ એવા આકારના આપે કોઈ નવી પરણનાર કન્યા રાજીના રેડ થઈ જાય. એના કારણે ફરતા પરગણામાં, જેઠા મોચીનાં પગરખાંના સિક્કા પડે. નવા ઘરાકને પાંચ-પંદર દા'ડાના વાયદા પછી જ પગરખાં મળે. લગન ગાળામાં આ જેઠો મોચી પંદરથી પચ્ચી દા'ડા પછી પગરખાં આપે. માપ પ્રમાણે જેઠો સોલને ઉપરનો ભાગ કાપી આલે. છોકરાંઓ સીવે.

આ કારણે જેઠાના ઘરમાં પૈસાની છના-છની. ઘરાકોનો તડાકો પડે. જેઠાની આવક એટલી વધી ગયેલી કે મોચીવાડામાં એની ત્રણ દુકાનો. આગવું ડેલીવાળું મોટું ઘર. એના જોડાંની ખપતના કારણે એનામાં અહંકાર આવી ગયેલ. એના મનમાં એવું ઠસી ગયેલ કે આખા પંથકમાં મારા જેવો અને મારી બરોબરી કરી શકે એવો પેદા થયો નથી ને થશે પણ નહીં. એની પ્રગતિનો સૂર્ય મધ્યાહ્ને હતો. એટલે ઘણી વખત એંટમાં આવી જઈને કહેતો કે 'ફરતાં સો ગામમાં એકેય મોચકું મારી બરાબરીમાં તો શું પણ મારા પેગડામાંય પગ ના મેલી હકે !'

દરેક માણસને, પોતાની ચડતીમાં, પોતાના ધીકતા ધંધાની લખલૂટ આવકના કારણે મદ આવી

જાય. છાતી ફૂલી જાય અને એ જમીનથી પાંચ વેંત અધ્ધર ચાલે. જેઠાની કમાન છટકી ગયેલ. મનમાં તોર ચઢી ગયેલ. ગુમાન એટલું વધી ગયેલું કે, લોક કે'તું કે એ ભલભલાનું અપમાન કરી મેલે. એની જીહજૂરી કરનારને પગમાં બેસવા દે. પરંતુ બાકીના મોચીઓને એ દાદ ના આપે. સામે મળે, કે ઘરે કશા કામે કે કશા પ્રસંગે નોંતરું દેવા આવે તો જરાય માન ન આપે. તુમાખી એટલી વધી થયેલી કે, બીજા નાત ભાઈઓની કોઈ ગણતરી જ નહીં. ઘણી વખત પોતાનો રોફ પાડવા કોઈને ઉતારી પાડે, મોં તોડી લે. જે મોચીઓ એનાં ભરપેટ વખાણ કરે. પગચંપી કરે. એમની કુશળતાની ભૂંગળો વગાડે એને જરાક દાદ આપે. બાકીના તો તણખલાની તોલે. જેઠો ફૂલણજી કાગડો બની ગયેલો. એના ખાસ ચાર-પાંચ ચમચા-ઓને, પોતાને ત્યાં આવેલ ઘરાકોનાં જોડા સીવવા પાછલે બારણે આપી દે !

હવે આ જેઠાનું અભિમાન સાતમા આસમાને પહોંચ્યું' તું બધા, એની ઉધ્ધતાઈનો ભોગ બનેલા, કેટલાયનું અપમાન કરેલ. સૌને આ જેઠો આંખના કણાની જેમ ખૂંચે. બરાબરનો બદલો લેવા, ટાંપીને બેઠા રહે. એમના સમાજમાં સૌ જેઠાની તુમાખીથી વાઝ આવી ગયેલા. સૌ ચેંચેં-પેંપે એવી ચર્ચા કરે કે..

'અલ્યા, અભેમાન તો રાજા રાવણનુંય ન'તું રહ્યું તો આ જેઠિયાનું ય નઈ રે' ! એક દા'ડો... ભોંયમાં ટાંઢિયા ના ઘહે તો મને ફટ્ટ કેજે.'

તો બીજો એવુંય કે',

'ભઈ, ચડતી પછી પડતી. ભલ ભલા રાજા-મા'રાજાનોય સૂરજ આથમી જતો ઓય છે. તો આ બે બદામના જેઠિયાની શી ગણતરી ? એટલે તો કે'વતમાં કયું છે કેઃ

'સગાં દીઠાં મેં શાઆલમમાં ભીખ માગતાં રસ્તે.' જ્યારે ખૂબ આવક થતી હોય. ધંધામાં પોતાની કુશળતાનો ડંકો વાગતો હોય એટલે ઈચ્છા ન હોય તો પણ ગુમાન આવી જતું હોય છે. આ ગુમાન એની સાથે તુમાખી અને તોછડાઈ લેતું આવે. એમાંય જ્યારે કોઈપણનો સૂર્ય મધ્યાહ્ને હોય, પાંચમાં એ પૂછાતો થાય ત્યારે એની જીહજૂરી કરનાર ટોળું હાજર થઈ જાય છે.

મોચી-સમાજમાં ગમે તેને ત્યાં પ્રસંગ હોય, વીવા-વાઝમ આવે એટલે જેઠા મોચીના કુટુંબને નોંતરું પહેલું દેવું પડે, જો પછી મળે તો જેઠાનું કુટુંબ એને ત્યાં જાય નહીં એટલું જ નહીં, જેઠાના ગુસ્સાનો ભોગ થવું પડે. અને ઢગલો ગાળો ખાવી પડે. ગરીબ મોચીને ત્યાં એ જાય જ નહીં. અને જાય તોય એના પર ઉપકાર કરતો હોય એવું દેખાડે. પોતે અક્કડુ સ્વભાવનો, એટલે મોં મચકોડ્યા વગર રહે જ નહીં.

આ કારણે એ ગામમાં યુવા મોચીઓને આ જેઠાનું આવું તુંડમિજાજી વર્તન ખૂબ કઠે. બધાય એનો બદલો લેવાની તાકમાં. તક આવ્યે પાઠ ભણાવવાનો ઈરાદો.

એવામાં આ જેઠાની માનું અવસાન થયું. એટલે બધા યુવાનો અને સૌ કોઈએ મૈયતમાં ન જવાનો મક્કમ નિર્ધાર કર્યો. આ યુવાનોના માનીતા વડીલ ડાયાકાકા. બધાય ભેગા થઈને વાત છતી ના થઈ જાય એમ, એકાદ-બે એમ સૌ એમને ઘેર ભેગા થઈ ગયા. સૌએ એકી અવાજે જાહેર કર્યું કે ડોશીની સ્મશાનયાત્રાનો બહિષ્કાર કરવો અને હુંવારાંથી માંડી બારમા તેરમામાંય એ બાજુ કોઈએ ફરકલુંય ના મારવું. સૌએ ધીમા પણ તાર સ્વરૂપે એકી અવાજે કહ્યુંઃ

'ડાયાકાકા, જેઠિયાને પાઠ ભણાવવાનો આથી રૂડો મોકો નઈ મલે. એનું પાણી ઉતારી પાડીએ. એની મા મરી ગઈ છે. એટલે કોઈએ શમશાનમાં ડોશીને ઊંચકીને બાળવા નઈ જઈએ. જોઈએ તો ખરા કે આપડા વગર એ અરથીને કોણ ઊંચકીને જાય છે. કાકા, આ મોકો ના જવા દેવાય. એની ચરબી ઉતારવી પડે. બવ ઊંચી ચડી છે તે એને કૂડાંભેર ગોઠણીયે પાડવી પડે.'

તો એક બીજા વડીલેય આ વાતમાં ટાપસી પૂરતાં કહ્યું કેઃ 'ડાયાકાકા ! આ હવની વાત હાચી છે. આજ લગી એણે આપણ હૌને પગમાં ગોલવાનું જ બાચી રાખેલ. માટે, એને નાકલેટી તાણ્યા વગર જવું નહીં.'

 ISSN 0976-9609

બધાંને ચૂપ થઇ જવાનો ઇશારો કરતાં ડાયો બોલ્યો: 'તમને સમો પારખતાંય નહીં આવડતું. કોઇના મોતનો મલાજો રાખવો પડે. મને ખબર છે કે એને પાઠ ભણાવવો જ છે. ફરી એવી તોછડાઇ ને તુમાખી કરવાની ખો ભૂલી જાય. ઓલ્યા પૈસા તો વેઠિયાને ઘેરેય હોય છે. પણ આવ્વો આ જેઠિયો અલકા પેટનો. બધું ભૂલીને ડોશીને બાળી આવીએ. મારી પાંહે એવો આઇડિયા છે કે.. એને ગંધ ના આવવી જોવે.'

'શી કરામત છે એ છતી કરો !' એક ઉતાવળિયા યુવાને પૂછ્યું.

'તું ચૂપ રે, વખત આયે સોગઠી મરાય. પૈસાના જોરે એ આપણ બધાંને ભાજીમૂળા હમજી બેઠું છે. અલ્યા ઘરમાં ખેડૂકી (પૈસામાં) થતાં, આ જેઠિયું અને એનાં પાંચેય નૈડાં ફાટીને હરેરે ચઢી જ્યાં છે. મારાં બેટા ભોંયથી અધ્ધર હેડે છે.' ખભે ખેલ નાંછીન, ઉપડો એને ઘેર !'

એ પછી એ ગામનો આખો મોચી સમાજ, જેઠા મોચીના બારણે ડોશીની સ્મશાનયાત્રા રંગે ચંગે પતાવી ઘેર આવી હાથ-મોં ધોઇ કોગળા કરી, મહાદેવ મંદિર દર્શન કરી પાછા જેઠાના આંગણે સૌ ખડકાઇ ગયા. બધાયે છૂટ્ટા મોંયે મરનાર ડોશીનાં વખાણ કર્યા. અને જેઠા મોચીના કુટુંબની આન-બાન અને શાનનાં નગારાં વગાડ્યાં. આ સાંભળી જેઠાની કહો તૂટવા માંડી. પોતાનાં ગુણગાન અને વખાણ સાંભળી જેઠાના ગુમાનનો ડુંગર ઊંચો અને ઊંચો વધતો ગયો.

બીજા દા'ડે ડોશીનાં ફૂલાં પધરાવા મહિસાગર નદીએ, પાંહપંદર યુવાનો જોડે ગયા. પછી ચોથા દા'ડે 'હુંવારાં' ઉતારવાનું પત્યું. એક સાંજે, સૌ જમી પરવારીને એના આંગણામાં પાથરેલી મોદમાં બેઠા હતા. ત્યારે અગાઉના પ્લાન પ્રમાણે ડાયાકાકાએ શરૂઆત કરેલી.

''જેઠામોટા, ડોશીમા તો હરગે (સ્વર્ગે) પોં'ચી જયાં, અવે બારમા-તેરમાનો શો વચાર છે ? તમે કઇ ફોડ પાડો તો આગળનો પ્લાન હમજાય.'

'જુઓ ભઇ, પરહુની કિરપાથી મારે ઘેર ખાંપ્યે ખૂંટે એવું નહીં, એટલે મારે તો ડોશી પાછળ જાંહાં-તાંહાં કરવાં છે.'

'હવે જેઠાભઇ, એવું કંઇ કરો કે ફરતાં ગામોમાં ડંકો વાગી જાય, અન તમારા નામની ધજા ફરકતી રે.'

'અલ્યા, તમે હૌ ચૂપ બેહો. જેઠાભાઇ, તમારાં આ કરસન બા એટલે કરસન બા, ભગવાનનું માણહ. આપડા આ મોચી વાડમાં એમનો જોટો ના જડે. એમની પાછળ બારમા તેરમાંનું કશુંય વચાર્યું હશે જ તમે ?' આમેય ફરતા ગામોમાં તમારા નામનો ડંકો વાગે. બોલો શો ઇરાદો છે ?' ડાયામોચીએ પાનો ચઢાવવાના ઇરાદે વાત નાંખી.

'ડાયલા' પરહુની કિરપાથી મારી પાંહે બધુંય છે. આપડી નાતમાં આજ લગી કોયે ચોરાસી ગામના મોચીઓને બોલાઇ નાત જમાડી નહીં. મારી ઇચ્છા ને તમન્નાય છે કે આ આપડાં ચોરાસી ગામના મોચી કટમને નોતરવાં ને ધૂમાડાબંધ ખવરાવવું, એવું બારમું કરવું છે.'

બસ મોટા, તમે કહ્યું એ હવા વીહ ને ઉપર બે પાણ્ય. તો આ ચોરાસીની ચિઠ્ઠીઓ ચ્યારે લખવી છે ? ઝટ લખવી પડે તાર બધાં ગોંમે પોચી હકે' ડાયામોચીએ વાત મૂકી.

'ડાયલા, આ બધી જબાપદારી તારા માંથે જો પૈસા બેયને પેલાં જોઇતા, ગણતરી કરીન પોસ્ટકાર્ડ મંગાઇ લ્યો. અને આજ બપોર પછી, આઠ દસ જવાંનિયાંને ચિઠ્ઠીઓ લખવાના કાંમે લટકાડી દો. ભૂલ થાય નઇ, ને એકેય ભાયાત નોતરા વગર રેવો ના જોવે. બધાંય ગોમનાં નામ-સરનામાંની નોંધ તૈયાર કરી દ્યો. અને બે દા'ડામાં ચિઠ્ઠીઓ લખવાનું પરોગ આવી જવો જોશે.'

એટલું બોલી જેઠો મોચી છાતી કાઢી ઘરમાં જતો રહ્યો. સૌ મોચીઓ નીકળીને ડાયાકાકાને ઘેર એકઠા થયા. 'જુઓ, ચિઠ્ઠીમાં, ચોરાસી કરે છે એમાં હાકેટમ નોંતરું અને આવવાના દિવસ, સમય અને લખનાર જેઠો મોચી એ બધું નક્કી થયું અને છેલ્લે

ચિઠ્ઠી પૂરી થયા પછી હું કહું એટલી બે લીટી લખવાની...આમેય જેઠાને વાંચતા આવડતું નહીં આ બે લીટી.. આ પરમાંણે લખવાની:

'અમે મોચી, તમે મોચકાં, મોચી મોચામોચ,
સંપત ઓય તો આવજો, નેકર કરજો કોચાકોચ'

આ બધી ચિઠ્ઠીઓ ચોરાસી ગામે ગામ પો'ચતી કરાઇ. સૌ ચિઠ્ઠી નીચે લખેલ લખાણ વાંચતાં જ છળી મર્યા. બધાંને એક જ વિચાર ચટકો ભરે કે એ મોચી અને અમે બધાં મોચકાં, વળી સગવડ હોય તો આવજો. નઇતર, ચામડું કોચી ખાજ્યો.'

આવું અપમાન ભર્યું લખાણ વાંચી ચોરાસી ગામમાંથી એક જણ પણ આ તરફ ના ફરક્યો અને ગામના મોચીઓ પણ ન આવ્યા.

બધી રસોઇ બગડી. જેઠાના કુટુંબનો વટ ઊતરી ગયો. છેવટે જેઠાના સમસ્ત કુટુંબે ગામના કુટુંબીજનો ને ભાઇઓ પાસે નાકલીટી તાણી, કાન પટ્ટી પકડી માફી માગી. અને તેનો સઘળો અહંકાર ઊતરી ગયો.

---

## ॥ વિદ્યાવૃત્ત ॥

**નલિની કોલેજનું ગૌરવ :** ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આટ્‌ર્સ કોલેજના હિન્દી વિભાગના વિદ્યાર્થીઓ ભરતકુમાર યાદવ, પિનલ હઠીલા, આરતી મકવાણા, કુસુમ વિશ્વકર્મા અને હેત્વી જયસ્વાલે અનુસ્નાતક હિન્દી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર ખાતે "હિન્દી સાહિત્ય વિવિધ આયામ" વિષય પર આયોજિત રાજ્ય કક્ષાના સેમિનારમાં સંશોધન પત્રો રજૂ કરી કોલેજનું ગૌરવ વધારવા બદલ કોલેજના આચાર્ય ડો. બી. એમ. પરમાર, હિન્દી વિભાગના અધ્યક્ષ ડો. ભરતસિંહ ઝાલા તથા નલિની પરિવારના સદસ્યોએ અભિનંદન પાઠવ્યા હતા.

**આર.એમ.દેસાઇ કોલેજ ઑફ મ્યુઝિક એન્ડ ડાન્સ ખાતે વિનિત વિદાય તથા સંગીતનો કાર્યક્રમ સંપન્ન થયો :** ચારુતર વિદ્યામંડળ સંચાલિત રમા-મનુભાઇ દેસાઇ કોલેજ ઑફ મ્યુઝિક એન્ડ ડાન્સ, વલ્લભ વિદ્યાનગર ખાતે આચાર્ય ડો. ધીરૂભાઇ દેસાઇના અધ્યક્ષસ્થાને ૨૭ માર્ચ ૨૦૨૩ એ કોલેજના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓને પુષ્પ આપી વિદાય આપી તથા પોતાના સંગીતના અભ્યાસની ઝલક રૂપે આ વિદ્યાર્થીઓએ પોતાની કૃતિનું સ્ટેજ પર્ફોમન્સ આપ્યું.

આચાર્યશ્રી તથા ગુરુજનોએ વિદાયની શુભેચ્છા આપીને આગળનું જીવન સંગીતમય બની રહે તેવા આશીર્વાદ આપ્યા.

કોલેજના જી. એસ. હર્ષ પટેલ તથા વાઇસ પ્રેસિડેન્ટ શ્રી મીત પાંડવ દ્વારા સુંદર આયોજન થયું. ઋચા તથા કૃનાલે કાર્યક્રમનું સંચાલન કર્યું. અંતમાં મેઘનાબેને આભાર વિધિ સાથે કાર્યક્રમ સંપન્ન થયાની જાહેરાત કરી.

**એરીબાસ કોલેજમાં પોસ્ટર પ્રેઝન્ટેશન યોજાયું:** સીવીએમ યુનિવર્સિટી ઘટક એરીબાસ બાયોટેકનોલોજી કોલેજમાં એમ.એસસી. (ઇન્ટીગ્રેટેડ) બાયો-ટેકનોલોજી, માસ્ટર કોર્સ ઇન એપ્લાઇટ જિનેટિક્સ, માઇક્રોબાયોલોજી, બોટની, ઝૂલોજી અને બાયોટેક્નોલોજીના છેલ્લા સેમિસ્ટરમાં અભ્યાસ કરતા વિવિધ શાખાઓના વિદ્યાર્થીઓએ પોતાના અભ્યાસના ભાગ રૂપે સમાજને ઉપયોગી બને તેવાં પ્રકારનાં સંશોધનો એરીબાસનાં અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ કરી, અને ફાઇનલ ડિઝર્ટેશન રિપોર્ટ બનાવતા પહેલાં વિદ્યાર્થીઓ દ્વારા પોસ્ટર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. પોસ્ટર પ્રેઝન્ટેશનનું આયોજન જ્ઞાન ફોરમ કન્વિનર ડો.ભક્તિ બાજપાઇ અને સંસ્થાના ઇન્ચાર્જે પ્રિન્સિપાલ ડો.નરેશકુમારના માર્ગદર્શન પ્રમાણે કરવામાં આવ્યું હતું. પોસ્ટર પ્રેઝન્ટેશન દરમ્યાન વિદ્યાર્થીઓએ કરેલાં સંશોધનોનો ચર્ચા-પરામર્શ ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.નરેશ કુમાર, સંસ્થાના અધ્યાપકો ડો.ભક્તિ બાજપાઇ, ડો.સ્વાતિ નારોલકર, ડો.શિલ્પા ગુપ્તે, ડો. જૈનાભાઇ ચૌહાણ, ડો.સંજયલાલ, ડો.નિશા દક્ષિણી, ડો.આરિફખાન, ડો.મુકુંદચંદ્ર ઠાકોર, ડો.સંદીપ ચોવટિયા, ડો.સુનીલ ખ્રિસ્તી, ડો.ખુશાલ પટેલ અને ઉર્વિ દવે દ્વારા કરવામાં આવી હતી. વિષય તજજ્ઞોએ વિદ્યાર્થીઓ દ્વારા થતાં સંશોધનો સમાજને વધુને વધુ ઉપયોગી બની રહે તે અંગેનું માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.


ISSN 0976-9609

॥ સંસ્થા પરિચય ॥

# એમ.યુ.પટેલ ટેક્નિકલ હાઈસ્કૂલ

ડૉ. શંકરભાઈ સોમાભાઈ પારગી

વલ્લભ વિદ્યાનગર જેવા અદ્વિતીય વિદ્યાકેન્દ્ર - ની સ્થાપનાના પ્રેરણા પુરુષ એવા ભારત માતાના મહાન સપૂત, લોકનાયક, લોહપુરુષ તથા નૂતન આઝાદ ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહપ્રધાન અને ચરોતરના મહાન સપૂત શ્રી વલ્લભભાઈ પટેલની સ્વ. ભાઈકાકાને અપાયેલી પ્રેરણાના બળથી ભાઈકાકા અને ભીખાભાઈ દ્વારા નવસર્જિત અને સ્વ.એચ.એમ.પટેલ, સ્વ.ડો. સી.એલ.પટેલ અને હાલ એન્જિ. ભીખુભાઈ પટેલ દ્વારા સતત નવપલ્લવિત રહેતા મહાન વિદ્યાકેન્દ્ર વલ્લભ વિદ્યાનગરના ૫૦ કરતાં વધારે સંસ્થાઓમાંનું આ સંસ્થા એક અંગ છે.

**સંસ્થાના દાનવીર :**

- **પેટલાદ તાલુકાના નાર ગામના વતની સ્વ. મગનભાઈ ઉમેદભાઈ પટેલની ઉદાર સખાવતથી આ સંસ્થાની શરૂઆત થઈ.**
- મૂળ નાર ગામના વતની અને ચેન્નાઈ ખાતે સ્થિત એવા કુટુંબના અગ્રણી સ્વ. મગનભાઈ ઉમેદભાઈ પટેલની ઉદાર સખાવતની આ સંસ્થાની સ્થાપના થઈ જેના પરિણામે છેલ્લા ૭૫ વર્ષમાં સેંકડો દાક્તરો, હજારો ઇજનેરો અને સફળ વ્યાવસાયિકો આ સંસ્થા દ્વારા તૈયાર થયા.
- આ દાતાશ્રીના પુત્ર શ્રી ચિમનભાઈ દ્વારા ન્યૂ વલ્લભ વિદ્યાનગર ખાતેના આઈ.ટી.આઈ. ઈન્સ્ટિટ્યૂટ માટે રૂા. દોઢ કરોડનું માતબર દાન પણ કરવામાં આવ્યું છે.
- દાતાશ્રીનું કુટુંબ ઉદાર, સૌજન્યશીલ અને ધર્મપરાયણ છે.

**સંસ્થા પ્રત્યેનું ઋણ :**

- શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી ભાઈલાલભાઈ બાબરભાઈ પટેલ કે જેઓ રતનપુર, જિલ્લો પંચમહાલના વતની છે. અને હાલ અમેરિકામાં સ્થાયી થયેલ છે. તેમણે એક કરોડ રૂા. કરતાં પણ વધારે દાન આપી સંસ્થા પ્રત્યેનું ઋણ અદા કરેલ છે. જેના થકી શાળાનું નવીનીકરણ કરવામાં આવેલ છે.
- આ ઉપરાંત શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી યશવંતભાઈ એમ. પટેલ કે જેઓ હાલમાં જર્મનીમાં સ્થાયી થયેલ છે. તેમણે શાળાને ૧૦ કિલોવોટની સોલર સિસ્ટમનું દાન કરી સંસ્થા પ્રત્યેનું ઋણ અદા કરેલ છે.

**શાળાની માહિતી :**

**શાળાનો ધ્યાનમંત્ર :** "સા વિદ્યા યા વિમુક્તયે"

**શાળાની સ્થાપના :** ૧ જુલાઈ ૧૯૬૩

**શાળાનો સ્ટાફ :** શૈક્ષણિક : ૧૧+૧=૧૨
બિન શૈક્ષણિક : ૨+૨=૪

**શાળાની સ્થાપનાનો ઉદ્દેશ્ય અને પરિચય :**

- ચરોતરના અને રાજ્યના ગ્રામ્ય વિદ્યાર્થીઓના શૈક્ષણિક ઉત્કર્ષ માટે સ્થપાયેલ ઉચ્ચ અભ્યાસની વિદ્યાશાખાઓના પ્રાથમિક અને પૂરક શિક્ષણ માટે તેમજ વૈશ્વિક પરિવર્તનોની સાથે કદમ મિલાવવા તથા શૈક્ષણિક કારકિર્દી દરમ્યાન અને વ્યાવસાયિક, ઘરેલુ જીવનમાં અતિ સફળ નાગરિક પુરવાર થાય એવા વિદ્યાર્થીઓ તૈયાર કરવાના શુભાશયથી ચારુતર વિદ્યામંડળના અતિ દીર્ઘદૃષ્ટા સંચાલકશ્રીઓની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ વલ્લભ વિદ્યાનગરમાં સૌ પ્રથમ અને એકમાત્ર માધ્યમિક ટેકનિકલ શાળાનું સર્જન થયું.

**શાળાની સિદ્ધિઓ :**

- વર્ષ ૨૦૧૪માં કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા આયોજિત શ્રેષ્ઠ શાળાઓની સ્પર્ધામાં જિલ્લામાં બીજું સ્થાન પ્રાપ્ત કરી ટ્રોફી અને રૂા. ૧,૦૦,૦૦૦/- (એક લાખ રૂપિયા) નું ઇનામ પ્રાપ્ત થયું.
- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક

શિક્ષણ બોર્ડ, ગાંધીનગર પ્રેરિત તથા આણંદ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી આયોજિત "થર્ડ પાર્ટી ઈવેલ્યુશન" મૂલ્યાંકનમાં વર્ષ ૨૦૦૭-૦૮ માં આણંદ જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે પસંદગી થયેલ તે બદલ શ્રેષ્ઠ શાળા એવોર્ડ અને રાજ્ય સરકાર તરફથી રૂા. ૧૦,૦૦૦/- રોકડ પુરસ્કાર મળેલ છે.

– એસ.એસ.સી.માર્ચ-૨૦૧૬ માં શાળાના વિદ્યાર્થીઓનું પરિણામ ૧૦૦% આવતાં શાળાને "માનનીય મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ" - માંથી ઈનામ પ્રાપ્ત થયેલ છે.
– "માનનીય મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ "અભિયાન" અંતર્ગત માર્ચ-૨૦૧૩ માં શાળાની વિદ્યાર્થિનીઓનું પરિણામ ૧૦૦% આવતા શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબના હસ્તે રૂા. ૧૧,૦૦૦/- નું ઈનામ પ્રાપ્ત થયું.
– વડોદરા સ્થિત નાલંદા નોલેજ ફાઉન્ડેશન દ્વારા વર્ષ સપ્ટે-૨૦૦૭ માં શાળાને Best Team Spirit Appreciation એવોર્ડ મળેલ છે.

**શાળાની વિશિષ્ટ સિદ્ધિઓ :**

– અત્યાર સુધીમાં એસ.એસ.સી. બોર્ડમાં શાળાના ૨૧ વિદ્યાર્થીઓએ ટોપ-૧૦ માં સ્થાન પ્રાપ્ત કર્યું છે.
– ૧૯૭૨ માં મૃગાંક કાપડિયા અને ૧૯૯૭ માં નિમેષ દેસાઈ સમગ્ર ગુજરાતમાં એસ.એસ.સી. બોર્ડમાં પ્રથમ નંબરે આવ્યા હતા.

**એસ.એસ.સી.બોર્ડમાં રાજ્યમાં ટોપ-૧૦ માં સ્થાન પામનાર શાળાના વિદ્યાર્થીઓની યાદી :**

| **અ.નં.** | **માસ/વર્ષ** | **નામ** | **સ્થાન** |
|---|---|---|---|
| ૧. | માર્ચ-૧૯૬૮ | કુ.ભટ્ટ ગીતાબેન લલિતચંદ્ર | બોર્ડમાં નવમું |
| **૨.** | **માર્ચ-૧૯૭૨** | **કાપડિયા મૃગાંક બીપીનચંદ્ર** | **બોર્ડમાં પ્રથમ** |
| ૩. | માર્ચ-૧૯૭૫ | અંતાણી હેમંતકુમાર અરૂણભાઈ | બોર્ડમાં પાંચમું |
| ૪. | એપ્રિલ-૧૯૭૭ | પટેલ યતીનકુમાર જયંતિભાઈ | બોર્ડમાં પાંચમું |
| ૫. | માર્ચ-૧૯૮૫ | પટેલ મિતેશકુમાર જશભાઈ | બોર્ડમાં ચોથું |
| ૬. | ઓકટો-૧૯૮૭ | ગોસ્વામી ચિરાગવન નારાયણવન | બોર્ડમાં દશમું |
| ૭. | માર્ચ-૧૯૯૩ | પટેલ સુરિન ભગુભાઈ | બોર્ડમાં સાતમું |
| ૮. | માર્ચ-૧૯૯૫ | શાહ નિલય પિયુષકુમાર | બોર્ડમાં ચોથું |
| ૯. | ઑક્ટો-૧૯૯૫ | ચાંડેગરા મુકેશકુમાર ભાણજી | બોર્ડમાં દશમું |
| **૧૦.** | **માર્ચ-૧૯૯૭** | **દેસાઈ નિમેશકુમાર દીપકકુમાર** | **બોર્ડમાં પ્રથમ** |
| ૧૧. | માર્ચ-૨૦૦૦ | ચાવડા પરાગ ધીરજલાલ | બોર્ડમાં નવમું |
| ૧૨. | એપ્રિલ-૨૦૦૧ | અખાણી પ્રતીક નિરંજનભાઈ | બોર્ડમાં બીજું |
| ૧૩. | એપ્રિલ-૨૦૦૧ | પંડ્યા વિવેક શરદચંદ્ર | બોર્ડમાં દશમું |
| ૧૪. | માર્ચ-૨૦૦૨ | પરીખ જીગરકુમાર સુભાષચંદ્ર | બોર્ડમાં ચોથું |
| ૧૫. | માર્ચ-૨૦૦૨ | પટેલ નિકુંજકુમાર જયરામભાઈ | બોર્ડમાં આઠમું |
| ૧૬. | માર્ચ-૨૦૦૬ | બારિયા શિવમ જગેન્દ્રસિંહ | બોર્ડમાં દશમું |
| ૧૭. | માર્ચ-૨૦૦૬ | ભાવસાર શ્રેયાંસ ગોવિંદકુમાર | બોર્ડમાં દશમું |
| ૧૮. | માર્ચ-૨૦૦૭ | પટેલ વલય પરેશભાઈ | બોર્ડમાં પાંચમું |
| ૧૯. | માર્ચ-૨૦૦૭ | પટેલ મેઘ વસંતકુમાર | બોર્ડમાં છઠ્ઠું |
| ૨૦. | માર્ચ-૨૦૦૭ | બારોટ કશ્યપ જયેન્દ્રભાઈ | બોર્ડમાં છઠ્ઠું |
| ૨૧. | માર્ચ-૨૦૦૭ | ગુપ્તા પાયલ મુકેશભાઈ | બોર્ડમાં છઠ્ઠું |

**શૈક્ષણિક પ્રવૃત્તિઓ :**

- શાળાકીય પ્રવૃત્તિઓ ઉપરાંત Periodical Test, મોક કસોટીઓ અને ધોરણ-૧૦ નું સારું પરિણામ મેળવવા વધારાની ઓબ્જેક્ટિવ અને નોન-ઓબ્જેક્ટિવ કસોટીઓનું આયોજન.
- પ્રત્યેક માસની આખર તારીખે શિક્ષકોની વિષય વર્તુળની મિટિંગોનું આયોજન સઘન અને અસરકારક અભ્યાસકાર્ય માટે સીડી પ્રોજેક્ટર, ચાર્ટ્સ, મોડેલ અને સંદર્ભ ગ્રંથોનો બહોળો ઉપયોગ તેમજ વિવિધ વિષયના તજજ્ઞોના માર્ગદર્શન પ્રવચનોનું આયોજન.
- વિષયવાર એકમ કસોટીઓનું આયોજન પણ કરવામાં આવે છે તેમજ શાળામાં ઉપચારાત્મક વર્ગો પણ ચલાવવામાં આવે છે.
- પ્રિલિમિનરી પરીક્ષા પછી હોશિયાર અને અભ્યાસમાં નબળા હોય તેવા વિદ્યાર્થીઓને અલગથી પરીક્ષાલક્ષી તૈયારી કરાવવામાં આવે છે.

**વિદ્યાર્થીઓ અને Moral Values :**

- વિદ્યાર્થીઓમાં સત્ય, અહિંસા, પ્રામાણિકતા, દયા, સહકાર, મહેનત વગેરે જીવન ઉપયોગી નૈતિક મૂલ્યોનું સિંચન કરવામાં આવે છે.
- શિસ્ત અને સ્વચ્છતા માટે કડક આગ્રહ રખાતો હોવાથી શાળામાં સ્વચ્છતાની જાળવણી થાય છે.

**સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ :**

- શાળામાં વિવિધ સહશૈક્ષણિક પ્રવૃત્તિઓનું પણ આયોજન થાય છે જેમકે રમત-ગમત, ગણિત વિજ્ઞાન પ્રદર્શન, પર્યાવરણ જાળવણી વગેરે...
- શાળામાં વિવિધ પ્રકારની બાહ્ય પરીક્ષાઓ પણ લેવાય છે. જેમકે પ્રખરતા શોધ કસોટી, બાળ ઊર્જા, સંસ્કાર બોધ પરીક્ષા, ચિત્ર સ્પર્ધા વગેરે...
- શાળામાં વિદ્યાર્થીઓમાં શિક્ષણની સાથે જીવન ઘડતર અને સંસ્કારોનું સિંચન થાય તે માટે વિવિધ ઉત્સવોની ઉજવણી કરવામાં આવે છે.

**પરિણામ સુધારણા :**

- વિદ્યાર્થીઓના પરિણામ સુધારણા માટે વિવિધ એકમ કસોટીનું આયોજન કરવામાં આવે છે.
- ઝીરો તાસનું આયોજન કરી કોચિંગ તેમજ માર્ગદર્શન આપવામાં આવે છે
- આ ઉપરાંત સંદર્ભ સાહિત્ય આપી તેમજ બોર્ડના જુદા જુદા પેપરોના જવાબો લખાવી તૈયારી કરાવવામાં આવે છે.
- વિદ્યાર્થીઓનું કાઉન્સેલિંગ કરીને તેમને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ પણ કરવામાં આવે છે. આ માટે જરૂર પડે ત્યારે વાલીસંપર્ક કરી તેમનો પણ સહકાર લેવામાં આવે છે.
- અવારનવાર વાલીમીટિંગનું આયોજન કરી વિદ્યાર્થીઓના ઉત્તમ પરિણામ માટે માર્ગદર્શન આપવામાં આવે છે.
- ધોરણ-૧૦ ના વિદ્યાર્થીઓ માટે સાંજે ૩ થી ૬ દરમ્યાન વાચન વર્ગો પણ ચલાવવામાં આવે છે.

**એન.સી.સી. પ્રવૃત્તિ :**

- શાળામાં એન.સી.સી. પ્રવૃત્તિ પણ ચાલે છે. તેમાં ૧૦૦ કેડેટ્સની વિંગ છે.
- એન.સી.સી.નો કોર્ષ બે વર્ષનો હોય છે. જેમાં બે વર્ષ પૂર્ણ થયા બાદ કેડેટ એન.સી.સી.ની પરીક્ષા આપીને "એ" સર્ટિફિકેટ પ્રાપ્ત કરે છે.
- એન.સી.સી. દ્વારા થનાર અલગ અલગ કેમ્પમાં કેડેટ ભાગ લઈ ઈનામ જીતી શાળા તથા એન.સી.સી. યુનિટનું નામ રોશન કરે છે.
- શાળાના ૮ કેડેટ એન.સી.સી. ટ્રેકિંગ કેમ્પ માટે બેલગાંવ, કર્ણાટક મુકામે ગયા હતા.

**ગ્રંથાલય :**

- શાળામાં સમૃદ્ધ પુસ્તકાલય છે. જેમાં ૬૮૦૦ જેટલાં પુસ્તકો છે, જેનો વિદ્યાર્થીઓ અને શિક્ષકો લાભ મેળવે છે.
- શાળામાં શિક્ષકો માટે અલગ પુસ્તકાલયની વ્યવસ્થા છે. નાની પુસ્તિકાઓનું વર્ગ પુસ્તકાલય પણ છે.

**મદદનીશ :** ડી.આર.ચૌધરી, સુપરવાઇઝર
ખિનીતભાઇ માછી, કોમ્પ્યુટર શિક્ષક

આચાર્ય,
એમ.યુ.પટેલ ટેકનિકલ હાઈસ્કૂલ, વલ્લભ વિદ્યાનગર

**ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો. જો. શારદામંદિર, પ્રાથમિક વિભાગનું ગૌરવ :**

NCC દ્વારા વિદ્યાર્થિનીઓના વિકાસ માટે પ્રોત્સાહન સ્વરૂપે વિવિધ સ્કોલરશીપ આપવામાં આવે છે, જેમાં આ વર્ષે શાળાની દ્વિતીય વર્ષની NCC કેડેટ્સ નિધિ ભરવાડ, હેત્વી કોટડિયા અને ક્રીના પંચાલને તેમના શૈક્ષણિક અને NCC અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ દેખાવ માટે NCC Group Head Quarterના ગ્રુપ કમાન્ડર બ્રિગેડિયર, આશિષ રંજન દ્વારા એવોર્ડ સર્ટિફિકેટ CWS અને સ્કોલરશીપ અંતર્ગત ૬,૦૦૦/- રૂપિયા પેટે કુલ ૧૮,૦૦૦/- રૂ.મળેલ છે. અત્યાર સુધીમાં શાળામાં કુલ ૭૩,૦૦૦/- સ્કોલરશીપ શાળાની વિદ્યાર્થિનીઓએ પ્રાપ્ત કરેલ છે. 4 Guj.Gir ના કમાન્ડિંગ ઓફિસર કર્નલ એસ. નટરાજન સર તથા મેડમ ઓફિસર મેનેજર કવિતા મેડમે તથા શાળાના આચાર્યા જિગીશા શાહે ત્રણેય કેડેટ્સને તથા NCC Officer S/o. રેશ્માબેનને અભિનંદન પાઠવ્યાં હતાં.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો. જો. શારદામંદિર, પ્રાથમિક વિભાગમાં તા. ૧-૪-૨૦૨૩ શનિવારના રોજ ઇનામ વિતરણ કાર્યક્રમ યોજાયો. જેમાં વર્ષ દરમ્યાન થયેલી રમતોત્સવ તથા વર્ષ દરમ્યાન યોજાયેલ વિવિધ શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વિજેતા થયેલ વિદ્યાર્થિનીઓ પ્રવૃત્તિઓના કન્વિનર શિક્ષકોના હસ્તે ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી ભાગ લેનાર તથા વિજેતા બનનાર વિદ્યાર્થિનીઓને શાળાના આચાર્યા જિગીશા શાહે અભિનંદન પાઠવ્યા.

**ચારુતર વિદ્યામંડળની આઈસ્ટાર કોલેજના કુ. રોશની લાલવાણી અને પ્રો.ડો.નિર્મલકુમાર જે. આઈ. રાજ્ય કક્ષાના પુરસ્કારથી સન્માનિત :**

ચારુતર વિદ્યામંડળની ઘટક સંસ્થા આઈસ્ટાર કોલેજનાં કુ.રોશની લાલવાણી, પ્રો.ડો.નિર્મલકુમાર જે.આઇ.(ભૂતપૂર્વ આચાર્ય)ને ગુજરાત ક્લીનર પ્રોડક્શન સેન્ટર (GCPC), ઇન્ડસ્ટ્રીઝ એન્ડ માઇન્સ અને ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં શ્રેષ્ઠ M.Sc. થીસીસ એવોર્ડ, પ્રમાણપત્ર અને રોકડનું ઇનામ સાથે રાજ્યકક્ષાનો એવોર્ડ પુરસ્કૃત કરવામાં આવ્યો હતો. કુ.રોશની લાલવાણીએ તાજેતરમાં CVM યુનિ. દ્વારા લેવાયેલ પરીક્ષામાં એમ.એસસી. પ્રોગ્રામમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે.તેણીએ એમ.એસસી. પ્રોજેક્ટ વર્ક અંતર્ગત "$TiO_2$ અને ZnO બાયોજેનિક નેનોપાર્ટિકલ્સનું ફેબ્રિકેશન અને ગંદા પાણીમાંથી ઔદ્યોગિક પ્રદૂષકોનું નિવારણ" વિષય પર શોધ-નિબંધ તૈયાર કર્યો હતો. કુંવારપાઠુંના પર્ણમાંથી બાયોજેનિક નેનોપાર્ટિકલ્સનું ફેબ્રિકેશન કરીને તેના ઉપયોગ દ્વારા કૃત્રિમ ડાય ક્રિસ્ટલ વાયોલેટનું રંગવિહિનીકરણ કર્યું હતું. જે માટે કુ. રોશનીને તથા તેમના ગાઇડ પ્રોફેસર ડો. નિર્મલકુમાર જે. આઇ.નું જીસીપીસી, ગાંધીનગર દ્વારા ઇન્ટર લિંકિંગ ઓફ ઇન્ડસ્ટ્રી, એકેડેમીઆ અને ગવર્મેન્ટ પ્રોગ્રામ અંતર્ગત રોકડનું ઇનામ સાથે સન્માનિત કરવામાં આવ્યા હતા. પુરસ્કાર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થિની અને ગાઇડ ચારુતર વિદ્યામંડળના ચેરમેન શ્રી ભીખુભાઇ પટેલ, ઉપપ્રમુખ શ્રી મનીષ પટેલ, સેક્રેટરી પ્રો.ડો.એસ.જી. પટેલ અને ડો.આર.સી.તલાટી અને સહમંત્રીશ્રી વિશાલ પટેલનો તેમના સમર્થન, સહકાર અને માસ્ટર પ્રોગ્રામ દરમિયાન સુવિધાઓ પૂરી પાડવા બદલ આભાર વ્યક્ત કરે છે.

**સી.વી.એમ. યુનિવર્સિટીની એ.ડી.આઇ.ટી. કોલેજમાં હેકાથોન ૧.૦ નું આયોજન :**

સી.વી.એમ. યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર એ યુવા પેઢીને સ્ટાર્ટ-અપ અને ઇનોવેશન દ્વારા તેમની સર્જનાત્મક ક્ષમતા હાંસલ કરવા સક્ષમ બનાવવા માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરે છે, જેથી તેઓ આત્મનિર્ભર ભારતની પ્રાપ્તિ તરફ વિકાસ અને વૃદ્ધિમાં યોગદાન આપી શકે. સી.વી.એમ.યુ. હેકાથોન ૧.૦ એ વિદ્યાર્થીઓમાં આપેલ પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ પર સમસ્યાનું નિરાકરણ કરવાની, અને રોજિંદા ધોરણે ગંભીર મુદ્દાઓને ઉકેલવાનો પ્રયાસ કરવાની તક આપે છે.

આ સંદર્ભે સી.વી.એમ.યુનિ.ની ન્યૂ

 ISSN 0976-9609

વિદ્યાનગર સ્થિત એ.ડી.આઇ.ટી. એન્જિનિયરિંગ કોલેજ ખાતે તા. ૧૭ માર્ચ ૨૦૨૩ અને ૧૮ માર્ચ ૨૦૨૩ દરમ્યાન હેકાથોન ૧.૦ નું આયોજન કરેલ હતું.

તા. ૧૭ માર્ચ ના રોજ યોજાયેલ ઉદ્‌ઘાટન સમારોહમાં સીવીએમ.યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ માનનીય શ્રી ભીખુભાઇ પટેલ તથા અમૂલ ડેરી ચેરમેન શ્રી વિપુલભાઇ પટેલએ વિશેષ હાજરી આપી હતી.

ઈવેન્ટ કો-ઓર્ડિનેટર્સ ડો. ગોપી ભટ્ટ, ડો.દૃષ્ટિ ભટ્ટ, તથા ડો.અંકિતાસિંઘે આપેલી માહિતી અનુસાર એડી.આઇ.ટી.પ્રિન્સિપાલ ડો.વિશાલ સિંઘના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ હેકાથોન ૧.૦ માં આશરે ૯૦ જેટલી ટીમો ભાગ લીધો હતો. સ્પર્ધા માટે ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ, મેન્ટર્સ તથા જ્યુરી મેમ્બર, ઇવેલ્યુએટર્સ અને ઇન્ડસ્ટ્રી એક્ષપર્ટ ઉપસ્થિત રહ્યા હતા. ભાગ લેનાર ટીમો સળંગ ૩૬ કલાક સુધી અવિરત ટીમ વર્ષ કરીને તકનીકી કુશળતા, વૈચારિક ક્ષમતા, ટીમ કૌશલ્ય, સ્ટાર્ટઅપ ક્ષમતાથી વિવિધ પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ્સના હાર્ડવેર/સોફ્ટવેર આધારિત સોલ્યુશન રજૂ કર્યા હતા. આ હેકાથોન ૧.૦ ફિનાલે રાઉન્ડ તા.૧૭ માર્ચના સવારે ૯ કલાકે શરૂ થઇને અને તારીખ ૧૮ માર્ચના સાંજે ૫ કલાક સુધી સતત ૩૬ કલાક ચાલશે.

સ્માર્ટ વર્લ્ડ, સસ્ટેનેબિલિટી અને નેક્સ્ટ જનરેશન ટેકનોલોજીસ, લાઇફ સાયન્સ એન્ડ એગ્રિકલ્ચર, સ્ટુડન્ટ ઇનોવેશન જેવા ટ્રેક પર વિદ્યાર્થીઓએ પોતાના પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા. દરેક ટ્રેકમાં વિવિધ કેટેગરીમાં કુલ ૧.૭૫ લાખ જેટલી રકમના ઇનામો આપવામાં આવશે.

સમગ્ર કાર્યક્રમના આયોજન અંગે સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ માનનીય શ્રી ભીખુભાઇ પટેલ તથા હોદેદ્દારોએ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

**ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર સંલગ્ન ગો.જો.આયુર્વેદ કોલેજ અને રિસર્ચ સેન્ટર તથા એસ.જી.પટેલ આયુર્વેદ હોસ્પિટલ અને મેટરનિટી હોમ, ન્યૂ વલ્લભ વિદ્યાનગર ખાતે વિશ્વ સ્વાસ્થ્ય દિવસની વિશિષ્ટ રીતે કરાયેલી ઉજવણી :** ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર સંલગ્ન ગો.જો.આયુર્વેદ કોલેજ અને રિસર્ચ સેન્ટર તથા એસ.જી.પટેલ આયુર્વેદ હોસ્પિટલ અને મેટરનિટી હોમ, ન્યૂ વલ્લભ વિદ્યાનગર ખાતે તા.૭ એપ્રિલ-૨૦૨૩ ના રોજ વિશ્વ આરોગ્ય દિવસની ચારુતર વિદ્યામંડળના ચેરમેન આદરણીય એન્જિનિયર ભીખુભાઇ પટેલ સાહેબની પ્રેરણાથી વિશિષ્ટ રીતે ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણીના ભાગ રૂપે સંસ્થા વિશિષ્ટ રીતે કરાયેલી ઉજવણી અંતર્ગત સંસ્થામાં કામ કરતા ''સ્વચ્છતા સૈનિકો'' ને તેમની કામગીરી માટે ભેટ આપીને બિરદાવવામાં આવ્યા હતા તેમજ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમની ઉજવણી માટે સંસ્થાના ડાયરેક્ટર ડો.(પ્રોફેસર) સી. એચ. બાબરિયા તથા શ્રીમતી કીર્તિબેન પટેલે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન સંસ્થાના સ્વસ્થવૃત્ત અને યોગ વિભાગના ડો.સુલક્ષણા, ડો.સ્વપ્ના, ડો.રેમેન દ્વારા કરવામાં આવ્યું હતું.

**બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે ૭૫ મા વાર્ષિક દિનની ઉજવણી કરવામાં આવી :**

ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ એન્જિનિયર ભીખુભાઇ પટેલના વડપણ તથા માર્ગદર્શન હેઠળ બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે ૭૫ મા વાર્ષિક દિનની ઉજવણી કરવામાં આવી જેમાં મુખ્ય અતિથિ તરીકે એન્જિનિયર ભીખુભાઇ પટેલ (અધ્યક્ષ, ચારુતર વિદ્યામંડળ), શ્રી સ્નેહલ શાહ (બીવીએમ એલ્યુમની, ૧૯૯૧), શ્રી પ્રતીક પટેલ (બીવીએમ એલ્યુમની, ૧૯૮૯), શ્રી જાગૃત ભટ્ટ (માનદ મંત્રી, ચરોતર આરોગ્ય મંડળ તથા સીઇઓ કેપ્રી એની હેરિસન વાલ્વ્સ), શ્રી આર.સી.તલાટી (માનદ સહમંત્રી, ચારુતર વિદ્યામંડળ), પ્રો. અમિત ભાવસાર

(વાઇસ પ્રેસિડેન્ટ, બીવીએમ સેન્ટ્રલ કમિટી), ડો.ભાર્ગવ ગોરડિયા (વાઇસ પ્રેસિડેન્ટ, બીવીએમ સેન્ટ્રલ કમિટી તથા હેડ, ઇસી), દરેક વિભાગીય વડાઓ તથા એલ્યુમની મેમ્બર્સ, પ્રિન્સ કલ્કાની (G.S.), ચિત્યા પટેલ (LR) ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ડો. આકાર રાઘેલિયા ના માર્ગદર્શન હેઠળ બીવીએમની વિદ્યાર્થિનીઓએ પ્રાર્થના ગીત રજૂ કર્યું હતું. પ્રો.અમિત ભાવસારે IEEE, IEI, ISTE, TRS, SAE, GDC, CSI, WEC અંતર્ગત પ્રવૃત્તિઓ અને સિદ્ધિઓ વિશે માહિતી આપી હતી. ડો. ભાર્ગવ ગોરડિયાએ SSIP, સ્પોર્ટ્સ, કલ્ચરલ, NSS તથા NCC અતર્ગત પ્રવૃત્તિઓ તથા સિદ્ધિઓ વિશે માહિતી આપી હતી.

આ પ્રસંગે સંસ્થાના પ્રિન્સિપાલ ડો.ઇન્દ્રજિત એન. પટેલે સૌનું અભિવાદન કર્યું હતું. તથા વર્ષ ૨૦૨૨-૨૩ નો વાર્ષિક અહેવાલ રજુ કર્યો. જેમાં બીવીએમ.ના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ દ્વારા આંતરરાષ્ટ્રીય કક્ષાએ ૧૨૬ જેટલા કોન્ફરન્સ તથા જર્નલ પબ્લિકેશન્સ, ૫ બુક્સ, ૨૧ પેટન્ટ્સ, ૯૬ જેટલા વેબિનાર, એકસપર્ટ ટોક, ઇન્ડસ્ટ્રી વિઝિટ, વર્કશોપ, ઓન ગોઇંગ રિસર્ચ પ્રોજેક્ટ, AICTE અંતર્ગત રિસર્ચ ગ્રાન્ટ્સ, RUSA તથા GUJCOST અંતર્ગત રિસર્ચ પ્રોજેક્ટ્સ, SSIP અંતર્ગત POC, સ્ટાર્ટ અપ, ટેસ્ટિંગ તથા કન્સલટન્સી, એનર્જી ઓડિટ, એન્ડોવમેન્ટ ફંડ, ૧૮ જેટલા G2G રીયુનિયન, તથા ચાય પે દોસ્તી, ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ, NAAC “A” ગ્રેડ, GSIRF રેન્કિંગ, ROBOFEST 2.0 તથા ROBOCON 22 માં ચેમ્પિયન IEEE, (Best Student Chapter Award 2022), CVM Cricket Tournament Champion, E Baja, Pre-qualify for MERITE World Bank Phase 4, Platinum Jubilee Celebration-2023, Academic & Result (2022 Graduate Batch), R & D cell, 78 MOU with Industries & Organizations જેવા કે IIT Delhi, ISRO, SVNIT Surat & 12 foreign Universities), બીવીએમ ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ સેલ તથા હાયર સ્ટડીઝ, NPTEL બીવીએમ ચેપ્ટર, GTU Tech Guru Award, Promising Engineering Teacher Award વિશે માહિતી આપી હતી.

એન્જિનિયર ભીખુભાઇ પટેલે કારકિર્દીમાં જ્વલંત સફળતા માટે સૌને શુભાશિષ પાઠવ્યા હતા તથા બીવીએમ ખાતેના તેમના વિદ્યાર્થીકાળ વિશે જણાવ્યું હતું. શ્રી સ્નેહલ શાહે સૌને અભિનંદન પાઠવ્યા હતા તથા વિદ્યાર્થીઓને તેમની કારકિર્દીમાં ઉચ્ચ લક્ષ્યાંકો સિદ્ધ કરવાની પ્રેરણા આપી હતી. શ્રી પ્રતીક પટેલે કારકિર્દી ક્ષેત્રે સફળતામાં ભાષા, સ્પોર્ટ્સ, ઇતર પ્રવૃત્તિઓ, શિસ્ત અને સમયબદ્ધતા, સરળ અભિગમ, ફાયનાન્સિયલ સ્ટેબિલિટી તથા યોગ્ય અનુસ્નાતક કોર્સની પસંદગી વિશે જણાવ્યું હતું. તેમણે વધુ શિક્ષણ માટે યોગ્ય અભિગમની પસંદગી વિશે ઉલ્લેખ કર્યો. એન્જિનિયરિંગ પછી તરત જ મેનેજમેન્ટનો અભ્યાસ ટાળવાની સલાહ આપી. તેમણે ઇજનેરીના મૂળભૂત સિદ્ધાંતો અને એપ્લિકેશનને કેન્દ્રમાં રાખવાની હિમાયત કરી. તેમણે સુવિધાના ભાગ રૂપે ડિજિટલ મેન્યુફેક્ચરિંગ સેન્ટરની સ્થાપના માટે રૂા. ૭૫ લાખનું દાન જાહેર કર્યું અને કોલેજના વિકાસપૂર્ણ કાર્યો માટે પ્રતિબદ્ધતા બતાવી. ઉપરોક્ત મહાનુભાવોની ઉપસ્થિતિમાં બીવીએમના વાર્ષિક અહેવાલની ડિજિટલ આવૃત્તિનું તથા ‘વિશ્વકર્મા’ મેગેઝિનનું વિમોચન કરવામાં આવ્યું હતું.

ઉપરોક્ત પ્રસંગે બીવીએમના દરેક વર્ષના વિદ્યાર્થીઓના ઉત્કૃષ્ટ પરિણામ બદલ ગોલ્ડ મેડલ, સિલ્વર મેડલ, મેરીટ પ્રાઇઝ તથા ઇતર પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ દેખાવ બદલ તેમને એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા ઉપરાંત અધ્યાપકોને પણ જે તે ક્ષેત્રોમાં યોગદાન બદલ એવોર્ડ તથા પ્રોત્સાહન પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. ધરિતા પટેલ, ડો. રોબિન્સન પૉલે કર્યું હતું. અંતે પ્રિન્સ કલ્કાનીએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જિનિયર ભીખુભાઇ પટેલ તથા અન્ય હોદ્દેદારોએ અભિનંદન પાઠવ્યા હતા.


ISSN 0976-9609

## ટી.વી.પટેલ હાયર સેકન્ડરી (સામાન્ય પ્રવાહ) ખાતે સુરક્ષા સેતુ કાર્યક્રમ યોજાયો :







ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરી સામાન્ય પ્રવાહમાં આજ રોજ આણંદ જિલ્લા  પોલીસ વડા શ્રી પ્રવીણકુમાર સાહેબની સૂચના અને માર્ગદર્શન હેઠળ કાર્યરત જિલ્લા સુરક્ષા સેતુ કાર્યક્રમ અંતર્ગત વલ્લભ વિદ્યાનગર પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી ચંદ્રેશકુમાર ચૌધરી સાહેબની ટીમના પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી ભરતકુમાર કે. પટેલ, કોન્સ્ટેબલ લખધીરસિંહ વાળા અને મહિલા કોન્સ્ટેબલ હેતલબેન અને પારૂલબેન શાળામાં ઉપસ્થિત રહ્યાં હતાં. શાળાના પ્રિ. વિજયકુમાર સુથારના માર્ગદર્શન- થી સુપરવાઇઝરશ્રી પંકજકુમાર સોલંકી સાહેબની મંચસ્થ ઉપસ્થિતિમાં ધો.૧૧નાં વિદ્યાર્થી ભાઇ-બહેનોમાં સુરક્ષા સેતુનું મહત્ત્વ અને તે અંતર્ગત થતી પ્રશંસનીય કામગીરી જેવી કે, બાળકો અને સ્ત્રીઓની સુરક્ષા માટે ‘‘શી’’ ટીમ, સાઇબર ક્રાઇમ, બાળકો અને સ્ત્રીઓના જાતીય શોષણના ગુન્હાઓ માટે પોક્સો એક્ટ, ઓનલાઇન બેન્કિંગ અને એ.ટી.એમ.ડેબિટ/ક્રેડિટ કાર્ડ ફ્રોડ, લોટરી અને ફ્રોડ કોલથી સાવધાની, જૂના મોબાઇલ કે લેપટોપ લે-વેચ કે રીપેરિંગ કરવા આપતી વખતે થતી છેતરપિંડી વગેરે અંગે ઉજાગર થયેલા કિસ્સાઓની વિસ્તૃત માહિતી પી.એસ.આઇ.શ્રી ભરતકુમાર પટેલ સાહેબે આપી હતી અને મદદ માટે હેલ્પલાઇન નંબર જાહેર કર્યો હતો. સમાજમાં વધુ જાગૃકતા ફેલાય અને ગુન્હાખોરીનો પ્રતિકાર કરવા પોલીસ વિભાગને મદદ મળી રહે તેવા પ્રયાસ કરવા શાળાના સૌ શિક્ષકો અને વિદ્યાર્થીઓને અનુરોધ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષકશ્રી હર્ષદકુમાર વાઘેલાએ કર્યું હતું.

---

## જી.જે.આયુર્વેદિક સ્ટડીઝ એન્ડ રિસર્ચ સેન્ટર દ્વારા એન.એસ.એસ.કેમ્પનું આયોજન

ચા.વિ.મં.યુનિ.,વલ્લભ વિદ્યાનગર સંલગ્ન જી.જે. આયુર્વેદિક સ્ટડીઝ એન્ડ રિસર્ચ સેન્ટર ન્યૂ વલ્લભ વિદ્યાનગર દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે એન.એસ.એસ. કેમ્પનું આયોજન, પ્રોગ્રામ ઓફિસર ડૉ.સંજય ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ, ગાના ગામે તા.૫-૩-૨૦૨૩ થી કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત એનએસએસ કેમ્પ હેઠળ પંચ પ્રકલ્પ યોજના આયોજિત કરવામાં આવી હતી. જેમાં ગ્રામ સફાઇ અભિયાન, વૃક્ષારોપણ, બાલવિવાહ તેમજ દહેજ પ્રથા જેવી કુપ્રથાઓ આ વિષય પર વિદ્યાર્થીઓ દ્વારા શેરી નાટક આયોજિત કરવામાં આવ્યા હતા. તેમજ ગૌ આધારિત ખેતી અને જળસંચયના મહત્ત્વ બાબત ખેડૂતોને જાગૃત કરવામાં આવ્યા.

સફળતાપૂર્વક એન.એસ.એસ.કેમ્પ કરવા બદલ ચારુતર વિદ્યામંડળના આદરણીય એન્જિનિયર ભીખુભાઇ પટેલ સાહેબે તથા સંસ્થાના ડાયરેક્ટર પ્રોફેસર ડૉ.સી.એચ.બાબરીયા સાહેબે તમામને અભિનંદન પાઠવ્યા હતા.

**એક વૃક્ષ અપલોડ તો કરી જુઓ,**
**વાદળા લાઇક કરવા આવી જશે....**

# અભિનંદન

**વી. પી. અને આર. પી. ટી. પી. સાયન્સ કોલેજના વિદ્યાર્થીને SSIP અંતર્ગત રૂા. ૮૫,૦૦૦ ની ગ્રાન્ટ મળી.**



ચારુતર વિદ્યામંડળ સંચાલિત વી. પી. અને આર. પી. ટી. પી. સાયન્સ કોલેજમાં અભ્યાસ કરતા ઝુઓલોજી (પ્રાણીશાસ્ત્ર) ના **વિદ્યાર્થી નિખિલ પ્રજાપતિને** ડો.નિકુંજ ભટ્ટના માર્ગદર્શન હેઠળ સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા **SSIP અંતર્ગત રૂા. ૮૫,૦૦૦ ની ગ્રાન્ટ** મળેલ છે. આ સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ અંતર્ગત વિદ્યાર્થીએ તેના પ્રોટોટાઇપના ઉપયોગ થકી શુદ્ધ મધનું પ્રારંભિક ઉત્પાદન કરેલ છે. આ શુદ્ધ મધના પ્રથમ પેકિંગની વહેંચણીની શરૂઆત ચારુતર વિદ્યામંડળના ચેરમેન શ્રી ભીખુભાઇ પટેલ સાહેબ તેમજ સહમંત્રી શ્રી આર. સી. તલાટી સાહેબના આશીર્વાદ મેળવી કરી હતી. આ પ્રસંગે ચેરમેન સાહેબે તથા તલાટી સાહેબે વિદ્યાર્થીની ઉત્તરોત્તર પ્રગતિ થાય અને તે એક સફળ વ્યવસાયિક બને તેવા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે કોલેજના આચાર્ય શ્રી પિયુષ લશ્કરી સાહેબે પણ શુભેચ્છાઓ પાઠવી હતી. આ સ્ટાર્ટઅપ પ્રોજેક્ટમાં વિદ્યાર્થી દ્વારા એક નવીનતમ હાઇબ્રીડ મધમાખી ઉછેરની પદ્ધતિ વિકસાવવામાં આવશે જેમાં મધને હાથ અડકાવ્યા વિના એકત્ર કરી શકાશે અને કુદરતી રીતે માઇક્રો ફિલ્ટ્રેશન વગર શુદ્ધ મધ મેળવી શકાશે.

---

**હૃદય કેવું ચાલે છે, તે તો ડોકટર બતાવી દેશે. પણ હૃદયમાં શું ચાલે છે, એ તો જાતે જ જોવું પડે છે.**

* * *

**જીવનમાં વિકાસ કરવો હોય તો ધ્યાન રાખો કે, પોતાની જરૂરિયાતોને વિકસવા ન દેશો.**

* * *

**મેદાન છોડનાર જીતતા નથી, અને જીતનાર કદી મેદાન છોડતા નથી.**


ISSN 0976-9609

# અભિનંદન

**ગુજરાત સ્ટેટ ઈન્સ્ટિટ્યૂશનલ રેટિંગ ફ્રેમવર્ક (જી.એસ.આઈ.આર.એફ.) અંતર્ગત ચારુતર વિદ્યામંડળ અને ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીની ઘટક સંસ્થાઓનો ઝળહળતો દેખાવ.**

નોલેજ કોન્સોર્શિયમ ઑફ ગુજરાત દ્વારા શૈક્ષણિક ગુણવત્તાના વિવિધ માપદંડો જેવા કે ટીચીંગ-લર્નિંગ પ્રોસેસ, રીસર્ચ અને કન્સલટન્સી, ગ્રેજ્યુએટ આઉટકમ, પ્લેસમેન્ટ, સ્ટુડન્ટ ટીચર્સ રેશીયોને અનુલક્ષીને હાથ ધરાયેલ **GSIRF** સર્વેમાં ગુજરાત રાજ્યની ૧૧૮ જેટલી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓએ ભાગ લીધો હતો. જેમાં ચારૂતર વિદ્યામંડળની તથા ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીની ઘટક સંસ્થાઓએ ઝળહળતો દેખાવ કરેલ છે. જેની યાદી અહીં કોષ્ટકમાં દર્શાવેલ છે.

**GSIRF-2022 : College Summary Report**

| Sr. No. | Institute Name | Score 2022 | Overall CGPA-2022 | Overall Stars-22 |
|---|---|---|---|---|
| 1. | Institute of Science & Technology for Advanced Studies & Research (ISTAR) | 76.77 | 4.49 | 5 |
| 2. | Sardar Gunj Mercantile Co.Op.Bank Ltd.(Anand) English Medium College of Commerce and Management (SEMCOM) | 62.27 | 3.64 | 5 |
| 3. | Ashok & Rita Patel Institute of Integrated Study & Reserach in Biotechnology and Allied Sciences (ARIBAS) | 56.42 | 3.3 | 4 |
| 4. | S. M. Patel College of Home Science | 56.34 | 3.29 | 4 |
| 5. | H.M.Patel Institute of English Training and Research | 52.89 | 3.09 | 4 |
| 6. | N. V. Patel College of Pure and Applied Sciences (NVPAS) | 51.66 | 3.02 | 4 |
| 7. | V. P. & R. P. T. P. Science College | 51.47 | 3.01 | 4 |
| 8. | Waymade College of Education | 43.63 | 2.56 | 3 |
| 9. | Bhikhabhai Jivabhai Vanijya Manavidyalaya | 36.39 | 2.13 | 3 |
| 10. | Nalini-Arvind & T.V.Patel Arts College | 27.12 | 1.59 | 2 |

## ॥ સૂચના ॥

૧. 'વિ-વિદ્યાનગર' વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશન થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર વિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિક ઉપરાંત સંચય સ્વરૂપ (digest)) માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. ।વિ। માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂર છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે સર્જકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઈન્લેંન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્ર-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગુજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસારની જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના અભિપ્રાયની જવાબદારી સંબંધિત સર્જકની જ રહેશે, તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઇએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી સર્જકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે બે-ત્રણ માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃતિ કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલીખર્ચ ન મોકલવું લેખ/કૃતી અંગે કોઇ પત્ર વ્યવહાર ટેલીફોન કે રૂબરૂ સંપર્ક કરવો નહિ.

**૫. પ્રત્યેક કૃતિ નીચે સર્જકે બેન્ક એકાઉન્ટ નંબર પ્રમાણે પોતાનું નામ, બેન્ક એકાઉન્ટ નંબર IFSC Code તથા પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું. જેથી સર્જકની પુરસ્કારની રકમ જમા કરાવવામાં સરળતા રહે. અપૂરતી વિગતને કારણે પુરસ્કારની કારણે પુરસ્કારની રકમ જમા ન થઇ શકે તો જવાબદારી સર્જકની રહેશે. આથી દરેક વિગત ચકાસણીને મોકલવી.**

૬. 'વિ-વિદ્યાનગર' દર માસની પાંચમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોક્સાઇથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૭. લવાજમ વાર્ષિક-આજીવન રૂબરૂમાં-મની ઓર્ડરથી-બેન્ક ડ્રાફ્ટ-ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ-ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઇ શકાય છે. લવાજમ 'ચારુતર વિદ્યામંડળ' ના નામે મોકલવું.

૮. દિવંગત થયેલા આજીન ગ્રાહક અંગે તેમના સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૯. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.

**ડૉ. ઉર્વીશ છાયા**

**તંત્રીશ્રી, વિ-વિદ્યાનગર, આસિ.પ્રોફેસર, એન.વી.પટેલ સાયન્સ કૉલેજ (N.V.P.A.S.), વલ્લભ વિદ્યાનગર**

**ઇ-મેઇલ** : editor.vidyanagar@gmail.com., urvish.chhaya@gmail.com

**લવાજમ**

| | | |
|---|---|---|
| **વાર્ષિક** | : | ₹ ૧૫૦, સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦ |
| **આજીવન** | : | ₹ ૧૫૦૦ |
| **વિદેશમાં** | : | ૨૫ $ અથવા ૧૫ £ આજીવન ૧૦૦ $ અથવા ૭૦ £ |
| **છૂટક નકલની** | : | ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦ |

 ISSN 0976-9609

# || આદ્યસ્થાપકોને શ્રદ્ધાંજલિ ||



વલ્લભ વિદ્યાનગર અને ચારુતર વિદ્યામંડળના આદ્યસ્થાપક અને ભૂતપૂર્વ અધ્યક્ષ સ્વ.પૂ. ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલ (ભાઈકાકા)ની પૂણ્યતિથિ નિમિત્તે વલ્લભ વિદ્યાનગર ખાતે આવેલ પૂ.ભાઈકાકાની પ્રતિમા તથા સમાધિએ તા. ૩૧/૦૩/૨૦૨૩ના રોજ પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ નિમિત્તે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિ. ભીખુભાઈ બી. પટેલ, માનદ સહમંત્રીશ્રીઓ શ્રી રમેશ તલાટી, શ્રી વિશાલ એચ. પટેલ તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. હિમાંશુ સોની, વી.પી. એન્ડ આર.પી.ટી.પી. સાયન્સ કૉલેજના આચાર્યશ્રી, અધ્યાપકગણ તથા કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા.



વલ્લભ વિદ્યાનગર અને ચારુતર વિદ્યામંડળના આદ્યસ્થાપક અને ભૂતપૂર્વ માનદ્ મંત્રી સ્વ.શ્રી ભીખાભાઈ કુબેરભાઈ પટેલ (ભીખાભાઈ સાહેબ)ની પૂણ્યતિથિ નિમિત્તે વલ્લભ વિદ્યાનગર ખાતે બીબીઆઈટી-ઈસ્કોન મંદિર સામે આવેલ પૂ.ભીખાભાઈ સાહેબની પ્રતિમા તથા સમાધિએ તા.૨૧/૦૪/૨૦૨૩ના રોજ પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિ. ભીખુભાઈ બી. પટેલ, માનદ સહમંત્રીશ્રીઓ શ્રી રમેશ તલાટી, શ્રી વિશાલ એચ. પટેલ તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. હિમાંશુ સોની, ઈન્ચાર્જ રજીસ્ટ્રાર સુશ્રી અગ્નેશ્વરી અઢીયા, સુશ્રી વિનોદીનીબેન બી. પટેલ, બીબીઆઈટી કૉલેજના આચાર્યશ્રી ડૉ. કે.એમ. મકવાણા, તથા કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા અને પૂ.ભીખાભાઈ સાહેબને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.



ચારુતર વિદ્યામંડળના ભૂતપૂર્વ અધ્યક્ષ અને ન્યુ વિદ્યાનગરના સ્થાપક સ્વ.ડૉ. સી.એલ.પટેલની જન્મજયંતિ નિમિત્તે તા.૧૦/૦૪/૨૦૨૩ને સોમવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ન્યુ વલ્લભ વિદ્યાનગર ખાતે તેઓ જ્યાં બેસતા હતા તે મઢૂલીમાં તેઓનું તૈલચિત્ર મુકવામાં આવેલ છે ત્યાં પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિ. ભીખુભાઈ બી. પટેલ, માનદ સહમંત્રીશ્રીઓ શ્રી રમેશ તલાટી, શ્રી વિશાલ એચ. પટેલ તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. હિમાંશુ સોની, ઈન્ચાર્જ રજીસ્ટ્રાર સુશ્રી અગ્નેશ્વરી અઢીયા, સુશ્રી વિનોદીનીબેન બી. પટેલ, કૉલેજના આચાર્યશ્રીઓ/વડાશ્રીઓ તથા ચારુતર વિદ્યામંડળના કર્મચારી ગણ ઉપસ્થિત રહ્યા હતા અને પૂ. ડૉ. સી.એલ.પટેલને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

BOOK POST
May 2023

V-Vidyanagar 25 (5)
Published on 05/05/2023
No. of Pages 36 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2021-23
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month




On 11th May1998, when the first five nuclear tests took place in India. Late President of India, Dr APJ Abdul Kalam was leading the Indian team of scientist to successfully test-fire of Pokhran II nuclear missile at Rajasthan's Pokhran. From then every year on 11th May, India celebrating its National Technology Day to mark the historic feat of test firing.

On the same day also the Trishul missile was test fired successfully, and the Hansa-3, the first nationally built aircraft was test flown. These successful tests collectively prompted the then Prime Minister to declare the day as National Technology Day.

(Source: google)

**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )